શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ







જાનવી બીરજકુમાર પંચોલી
કવાંટ

યેશા હેમંતકુમાર પંચોલી
સુરત

## ગોરમાને
## પાંચે આંગળીએ પૂજયાં......

સપ્ટેમ્બર૨૮ – ૨૦૧૫ અંક – ૯ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૨૩

માસિક કિંમત – ૧૦/– વાર્ષિક લવાજમ – ૧૦૦/–

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# નવયુગ શુભેચ્છક
# ૨૫મી પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલી



**સ્વ. ભાષ્કરભાઈ જમનાદાસ ગાંધી**

જન્મ તા. ૧૨.૦૯.૧૦૩૦ સ્વર્ગવાસ : ૦૭.૦૯.૧૯૯૦

દુનિયાની અનેક સમૃદ્ધિ મળે પણ કલ્પવૃક્ષ સમી આપની છાયા કયાંય નહી મળે..
આપની લાંબી જીવનયાત્રાના સંભારણા તથા વાત્સલ્ય ભરી સ્મૃતિ
સદાય જીવંત રહેશે તમારા આશિષ અમને સદમાર્ગના પથ પર માર્ગદર્શક બનશે...
એજ આપની ૨૫મી પૂણ્યતિથિએ
હાર્દિક હૃદયાંજલી

## અર્પણકર્તા

ગં.સ્વ. શ્રીમતિ પુષ્પાબેન ભાષ્કરભાઇ ગાંધી

શ્રી કિરણ ભાષ્કરભાઇ ગાંધી
શ્રીમતિ ધર્મિષ્ઠા કિરણ ગાંધી
ચિ. મૌલિક-ચિ. જાનકી

શ્રી કિરણ મણીલાલ પંચોલી
શ્રીમતિ પ્રીતિ કિરણ પંચોલી
ચિ. કૌશલરાજ - શ્રીમતિ રીમા
ચિ. હેતલ

શ્રી દિવાકર ભાષ્કરભાઇ ગાંધી
શ્રીમતિ જયશ્રી દિવાકર ગાંધી
ચિ. પાર્થ-ચિ. રિદ્ધિ

'શ્રીજી નિવાસ' ગર્વમેન્ટ હાઉસીંગ સોસાયટી, ફોરેસ્ટ ઓફિસ સામે, સેલવાસ -દાદરા-નગર-હવેલી-૩૯૬ ૨૩૦
ફોન : ૦૨૬૦-૨૬૪૨૨૨૯
મો. : ૯૮૨૪૧ ૭૧૦૦૪-કિરણ, ૯૫૭૪૮ ૬૮૬૨૬-ધર્મિષ્ઠા

**2015 TO 2035**

# શ્રી પંચોલી સેવા સમાજનું ગૌરવ

# હાર્દિક અભિનંદન....



**કુ. મનસ્વી પ્રણય કાપડિયા**

**મુંબઈ**

**ધો.-૧૦ (ICSE) માં 96.6% સાથે ઉતિર્ણ થયા..**

**ICSE CLASS 10 th 2015 result**

| | |
|---|---|
| English. | 94 / 100 |
| Hindi. | 97 / 100 |
| Social science | 97 / 100 |
| Maths. | 97 / 100 |
| Science. | 95 / 100 |
| Technical drawing. | 100 / 100 |
| **Total.** | **580 / 600** |
| **Percentage.** | **96.6 %** |

**શુભેચ્છક**

**શ્રી મધુસુદન જીણાભાઈ કાપડિયા**

**શ્રીમતિ ચંદ્રકાંતા મધુસુદન કાપડિયા**

ચાલો વ્યારા........ ચાલો વ્યારા......... સમૂહ લગ્નમા જોડાવવા.......... ચાલો વ્યારા.......



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
પ્રેરિત
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા
અને
શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઈ
આયોજિત



# સમૂહ લગ્ન

દરેક જ્ઞાતિજનો ને આંનદ સાથે જણાવવાનું કે, શ્રી પંચોલી સેવા સમાજ મહામડળ પ્રેરિત, શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા અને શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઈ આયોજિત " **સમૂહ લગ્ન** " નું આયોજન આગામી **ફેબ્રુઆરી – ૨૦૧૬** માસમા **વ્યારા મુકામે** કરવાનું નકકી કરવામા આવેલ છે. આ સમૂહ લગ્ન મા વધુ ને વધુ લગ્ન ઈચ્છુક વર – વધુઓ લગ્નમાં જોડાય એવી વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના હોદ્દેદારોને વિનંતી કરવામાં આવે છે કે, આપના એકમમાં આ સમય દરમ્યાન લગ્ન કરનાર ઉમેદવારોને સમૂહ લગ્નમાં જોડાવવા માટે પુરતુ માર્ગદર્શન આપી પ્રેરણા પુરી પાડશો. આ સમૂહ લગ્નમાં વધુ ને વધુ યુગલો જોડાય એવી આશા રાખીએ છીએ, ચાલો આવો આપણે સૌ ભેગા મળી સમૂહ લગ્નને સફળ બનાવીએ.

**સમૂહ લગ્ન :– ફેબ્રુઆરી – ૨૦૧૬, વ્યારા.**

આ અગેની વધુ જાણકારી માટે નીચે જણાવેલ હોદ્દેદારોનો સંપર્ક કરો.

સુમનભાઈ એમ. મિસ્ત્રી
મત્રી
શ્રી સમસ્ત પંચોલી સુથારપંચની ધર્મશાળા, ઉનાઈ
મો.ન. ૯૭૨૪૯ ૩૨૩૨૩

હિતેશભાઈ પી. ગાંધી
મત્રી
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા
મો.ન. ૯૮૨૫૨ ૧૩૬૪૫

રાજેશભાઈ ડી. પંચોલી
મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામડળ
મો.ન. ૯૮૭૯૫ ૪૭૪૬૯

મનીષભાઈ એમ. પંચોલી
પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ, મહામડળ
મો.ન. ૯૮૨૫૨ ૭૫૦૨૩

ભરતભાઈ સી.પંચોલી
પ્રમુખ
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા
મો.ન. ૯૪૨૬૭ ૭૨૨૬૪

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**ઓગસ્ટ - ૨૦૧૫**

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત** – **૧૦/-**
**વાર્ષિક લવાજમ** – **૧૦૦/-**

## તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,
કુશળ હશો.

શ્રાવણના સરવરીયા બાદ પાટીદાર સમાજનું આંદોલને ગુજરાતને ધમરોડયું... ૧૪ વર્ષ પછી ફરી કરફ્યુના દર્શન થયા.... આવા આંદોલનો આખાં રાજ્યને અને દેશને અનેક વર્ષ પાછળ ધકેલી દે છે.... અહિંસા પરમો ધર્મ અપનાવી ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિથી સત્યાગ્રહો દ્વારા પણ રસ્તો કાઢી શકાય છે...

સુરત, સમાજ માટે, નવયુગ માટે કે દરેક માટે સોનાની સુરત છે... એઓની આગવી પ્રતિભાથી સમાજ અને પંચોલી નવયુગ આર્થિક રીતે ટકી રહયું છે... એવા સુરતના દરેક જ્ઞાતિજનોને નવયુગ ઘર બેઠા મળે એ માટે કવરમાં નાખી નવયુગ પહોંચાડવાનો પ્રથમ પ્રયાસ ઓગષ્ટ મહિનામાં કર્યો... અને જ્ઞાતિજનોના ફોન પણ આવ્યા નવયુગ મળી ગયું છે... ત્યારે હૈયું આનંદથી ઝુમી પણ ઉઠયું... કે મારા પ્રયત્નોને કંઈક અંશે સફળતા મળી... ત્યાં જ એક ફોને મારી આશાને ધૂળધાણી કરી નાંખી કે ટપાલીએ નવયુગના ૨૨રૂા. કે ૨૫ રૂા. માંગ્યા... અને દુઃખની વાત તો એ બની કે ટપાલીના પૈસા ન ભરી નવયુગ રીટર્ન કર્યા... ૫૪... ૫૪ વર્ષથી તમને મળતું તમારું જ લાડીલું નવયુ માટે એકવાર ૨૨ રૂા. પણ ન ભરી શકયા ? ખેર... સુરતના ફક્ત બે વિસ્તારમાં જ ટપાલીએ પૈસા લીધા છે બાકીના વિસ્તારોમાં પૈસા નથી લીધા... સુરતવાસીઓ નિરાશ ન થશો... એનું પણ કંઈક નિરાકરણ જરૂરથી લાવીશું... હવે વડોદરા અને મુંબઈ માટે આ પ્રયોગ અજમાવીશું... આશા રાખું પ્રભુ મને જરૂર સફળતા આપશે...જ..

દર મહિને ૨૫ પૈસામાં જતું નવયુગ પછી બે રૂપિયામાં થયું અને હવે કવરમાં રૂા. ૫માં જશે... આર્થિક ભારણ નવયુગ પર વધશે... પરંતુ ચિંતા નથી આપ સૌ તો છો જ ને..! આ વર્ષે દિપોત્સવી અંકમાં એટલી જાહેરાત આપી છલકાવી દો કે.. ચિત્રલેખા ની જેમ દિપોત્સવી અંકના બે અંક બનાવવા પડે... અને ખરેખર આ વર્ષે તા. ૩૦.૦૯.૨૦૧૫ પછી આવેલ જાહેરાત ત્યારપછીના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે તો જ્ઞાતિજનો જરૂરથી ઉપરોકત તા. પહેલાં તમારી જાહેરાત મળી જાય અને પહેલા અંકમાં સ્થાન મેળવી શકો એવા પ્રયત્નો કરશો......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી-તંત્રી
ભાવના મલયકુમાર મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

નવયુગ શુભચિંતક સ્વ. શાંતિલાલ નાથુભાઈ પંચોલી વડોદરા શ્રી પરેશભાઈ અંબાલાલ પંચોલી વલ્લભ વિદ્યાનગર

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો,

કુશળ હશો આપ સૌની કુશળતા ચાહુ છું.

વડોદરા મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૬.૦૭.૨૦૧૫ નાં રોજ મળી. ખૂબ જ શાંત વાતાવરણમાં સૌ પ્રથમવાર સામાન્ય સભાનાં એજન્ડામાં પ્રથમ ચિંતન શીબીર અંગે ચર્ચા કરવામાં આવી દરેક એકમમાંથી પધારેલ સૌ જ્ઞાતિજનોએ ચર્ચામાં ભાગ લીધો. દરેક એકમોને વિનંતી કરૂ છું કે આપના એકમમાં સ્વયં ગૃપ ( યુવા સંગઠન) ની રચના થયેલ ન હોય તો તાત્કાલિક સ્વયંગૃપની સ્થાપના કરવી. અમુક એકમોમાં મહિલા મંડળની રચના કરવામાં આવેલ નથી, તે પણ રચના કરવા માટે વિનંતી કરૂ છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઇ અને શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા આયોજિત આગામી ફેબ્રુઆરી-૨૦૧૬ માં વ્યારા મુકામે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે જેમાં દરેક એકમોમાંથી વધુ ને વધુ લગ્નગ્રંથી થી જોડાવવા માટેનાં ઉમેદવારો ભાગ લે તે માટે વિનંતી કરૂ છું. દરેક એકમનાં હોદ્દેદારો પણ પોતાના એકમોમાં આ સમયગાળા દરમ્યાન થનાર લગ્નનાં ઉમેદવારોને સમૂહ લગ્નમાં જોડાવવા માટે પ્રેરણા પુરી પાડશો. અને પ્રોત્સાહિત કરશો એવી આશા રાખુ છું. જ્ઞાતિજનોને વિનંતી કે, સમૂહ લગ્નમાં જોડાનાર સામાન્ય કે ગરીબ વર્ગનાં જ લોકો હોય છે એવી માન્યતા ને આપણે દૂર કરીશું. એ માટે સમાજનાં દરેક વર્ગનાં જ્ઞાતિજનોને સમૂહ લગ્નમાં જોડાવા માટે અપીલ કરૂં છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા સમાજ સુરક્ષા યોજના ચાલી રહી છે જે અત્યાર સુધી આપણે ખૂબ જ સારી રીતે ચલાવતા આવ્યા છીએ અને સમાજનાં આ યોજનામાં જોડાનાર સભ્યોનાં કુટુંબીજનોને મદદરૂપ થતાં આવ્યા છીએ. આ યોજનામાં જોડાયા ન હોય એવા જ્ઞાતિજનોને આ યોજનામાં જોડાવવા માટે વિનંતી કરૂ છુ. મિત્રો આપણે આપણા જ્ઞાતિજનોને સભ્યનાં અવસાનનાં સમયે સીધે સીધા મદદરૂપ થઇ શકતાં નથી આ યોજના થકી આપણે તેને મદદરૂપ થઇશુ, આપણે આ યોજનામાં કંઇ મેળવવા કરતાં જ્ઞાતિજનોને કઇ રીતે મદદરૂપ થઇ શકીએ એવી ભાવના કેળવીને આ યોજનામાં જોડાવવા અપીલ કરૂં છુ. યુવા સંગઠનો, મહિલા મંડળો તથા દરેક એકમનાં હોદ્દેદારો આ યોજનામાં જોડાવવાના બાકી જ્ઞાતિજનોને જોડાવવામાં પ્રેરણા પુરી પાડશો એવી વિનંતી કરૂ છુ.

મહામંડળની સ્વર્ણિમ ફંડની યોજનામાં જોડાયા ન હોય એવા બાકીના જ્ઞાતિજનોને પણ વિનંતી કરૂ છુ કે, રૂા. ૧૦૦૦/- , રૂા. ૨૦૦૦/- અથવા રૂા. ૫૦૦૦/- ની રકમ વર્ષમાં એક વખત પાંચ વર્ષ સુધી આપવાની છે જેમાંથી આપણે આપણા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મેડીકલ સહાય માટે રૂા.૨૫૦, શૈક્ષણિક સહાય માટે રૂા. ૨૫૦, વિધવા સહાય માટે રૂા. ૨૫૦ અને મહામંડળના ફંડમાં રૂા. ૨૫૦ રકમ આપી શકીશું આપણા સહકારથી આપણા જ્ઞાતિજનોને મદદરૂપ થઇ તેઓને આર્થિક રીતે આગળ લાવી શકીશુ. સ્વર્ણિમ ફંડની રકમ બેંક ઓફ બરોડા, વ્યારા શાખા માં ‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ’ના નામે સેવિંગ્સ એકાઉન્ટ નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX નાં ખાતામાં જમા કરાવી મહામંત્રી શ્રી રાજેશભાઇ ડી. પંચોલી ને જાણ કરશો જેથી રસીદ તેઓ મોકલી શકશે. દરેક એકમનાં હોદ્દેદારો, મહિલા મંડળનાં હોદ્દેદારો, યુવા સંગઠન સ્વયં ગૃપનાં હોદ્દેદારો પણ આ સ્વર્ણિમ ફંડમાં પોતાનો યથાશકિત ફાળો આપશો તો જ બાકીનાં જ્ઞાતિજનોને પ્રેરણા મળશે અને તેઓ પણ પોતાનો યથાશકિત ફાળો આપશે.

આવો આપણે સૌ ભેગા મળી સમાજનાં કુરીવાજો ને દૂર કરવાનાં પ્રયત્નો કરી સમાજને આદર્શ સમાજનું સ્થાન અપાવવા માટે કટીબધ્ધ થઇએ અને બનાવી ‘આપણો સમાજ.. આગવો સમાજ..’

## પ્રભાતના પુષ્પો....

હવે દુનિયા એમ માનતી થઇ ગઇ છે કે આપણે વિખૂટાં પડયા છીએ, પણ વિયોગમાં આપણે કેવા યોગનો આનંદ માણી રહ્યાં છીએ એ એમને નહીં સમજાય. જુઓ તો ખરા, ભરતી તમારા હૃદયમાં ઉભરાય છે અને મારા કિનારા પર પડેલા પથ્થરો ભીનાં થાય છે !

પ્રેમની અગરબત્તી તમારા મહેલમાં બળે છે અને એની સુવાસ મારી પાસે પહોંચે છે ! દીપક તમારા દિવાનખાનામાં જલે છે અને એનો પ્રકાશ મારી ઝૂંપડીમાં પહોંચે છે !

અને લોકો કહેવા લાગ્યા છે કે મારા હોઠ ફિક્કા પડતા જાય છે, પણ મારે એમને કેમ સમજાવવું કે જેવું આપને ચુંબન કરવાનું મન થાય છે કે મારા હોઠની લાલી તમારા હોઠમાં પહોંચી જાય છે.

વજુ કોટક
સંકલન : પ્રભાતના પુષ્પોમાંથી

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્રભાઇ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર

## હાર્દિક અભિનંદન....



**પાર્થ જયેશકુમાર પંચોલી**

**M.Tech. (Urban Planning), SVNIT, Surat.**
**Asst. Professor Marwadi College, Rajkot**
**Birth Date : 1-12-1991**

### શુભેચ્છક

જશવંતલાલ બાલારામ પંચોલી
સ્વ. મધુબેન જશવંતલાલ પંચોલી
જયેશકુમાર જશવંતલાલ પંચોલી
સ્નેહાબેન જયેશકુમાર પંચોલી
૩૦૨, મલ્લિકાઅર્જુન એપાર્ટમેન્ટ, ગુજરાત ગેસ કું. સામે, અડાજણ ગામ, સુરત-૩૯૫ ૦૦૯.
**Ph. : 0261-2739762 Mo. : 91733 27533**

દિનેશચંદ્ર દલસુખરામ પંચોલી
લોપા દિનેશચંદ્ર પંચોલી
પ્રણય દિનેશચંદ્ર પંચોલી
પારૂલ પ્રણયકુમાર પંચોલી
ભાવન દિનેશચંદ્ર પંચોલી
આશા ભાવનકુમાર પંચોલી
૪, શિવાનંદ સોસાયટી, વિજયનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩
**Ph. : 079-27496678 Mo. : 94090 54041**

## શુભેચ્છા...અભિનંદન




ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશન યોજિત ૧૫ઓગસ્ટ-૨૦૧૫ સ્વ. ચિત્રકાર નીમા ચિત્રસર્જન કાર્યક્રમ-૧૮ ના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતના પ્રતિષ્ઠિત ચિત્રકાર-કલાગુરુ શ્રી જય પંચોલીનો ૭૫ વર્ષ પ્રવેશ અને એસોસિએશનના સક્રિય કાર્યકર-ઉદ્‌ઘોષકનું વિદ્યાનગરના ચિત્રકારે દોરેલું એમનું પોર્ટ્રેટ અને શાલ-બુકે દ્વારા બહુમાન ૧૫૦જેટલા કલાકારોની હાજરીમાં એલિસબ્રીજ અમદાવાદ ખાતે થયું....

**પ્રેમીલા પંચોલી**
**નીરજ પંચોલી • રૂપલ પંચોલી**
**• ચિ. નિસર્ગ •**
**• મનન પંચોલી • પલક પંચોલી •**


**જય** ડિજીટલ ગ્રાફિક ડિઝાઈન યુનિટ
**કોમ્યુનિકેશન**
'નીરજ' ૫, હેમધ્રુવ સોસાયટી,
કાલુપુર બેંક સામે, વાસણા,
અમદાવાદ – ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ – ૨૬૬૧૪૬૭૮
મોબાઈલ : ૯૮૨૪૦ ૯૩૩૪૭

श्री पंचोली सेवा समाज महामंडळ

# सामान्य सभा

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૬.૦૭.૨૦૧૫ને રવિવારે ૧૦.૩૦ કલાકે વડોદરા મુકામે સર્વાનંદ હોલમાં મળી. તેમાં વડોદરા-૪૦, રાજપીપલા-૫, સુરત-૧૬, વ્યારા-૧૨, નસવાડી-૧, અજરાઇ-૧, ભિલાડ-વાપી-૧, નવસારી-૩, અંકલેશ્વર-૬, ભરૂચ-૨, પાવીજેતપુર-૩, અમદાવાદ-૨, આણોદ-૨, સંખેડા-૫, જબુગામ-૨, ભાટપુર-૧, બોડેલી-૩, બારડોલી-૨, મુંબઇ-૧, ચલામલી-૧ સભ્યો હાજર રહ્યા હતાં.

સભાની શરૂઆતમાં વડોદરા એકમના પ્રમુખશ્રી પદ્મકાંતભાઇ તથા મંત્રીશ્રી દેવાંગભાઇ દ્વારા મહામંડળના હોદ્દેદારોને સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરવા આમંત્રણ આપ્યું. સભાની શરૂઆત શ્રી દેવાંગભાઇ, શ્રીમતિ શીલાબેન તથા શ્રીમતિ જ્યોતિબેનની મંગલમય પ્રાર્થનાથી કરવામાં આવી.

વડોદરા એકમ દ્વારા મંચસ્થ મહાનુભાવોનું સુગંધીત સ્મૃતિ તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ. કુ. કાનલબેનના સુંદર અભિનય સાથેના સ્વાગત નૃત્યથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. સમાજની બહેનો દ્વારા પધારેલ સૌ સામાન્ય સભાના સભ્યશ્રીઓનું પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. વડોદરા એકમના પ્રમુખશ્રી પદ્મકાંતભાઇએ સૌનું શાબ્દિક પ્રવચન દ્વારા સ્વાગત કર્યુ. મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલીની વડોદરા ખાતે સામાન્ય સભા રાખવાનું કારણ એ છે કે મહામંડળ સાથે ઉત્સાહ પૂર્વક પાલ વિભાગ જોડાય..

**એજન્ડા : ૧** -દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવી.

વર્ષ દરમ્યાન દેવલોક પામેલ જ્ઞાતિજનોના આત્માની શાંતિ અર્થે સભાએ બે મિનિટ મૌન પાળી દિવંગત આત્માને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

**એજન્ડા : ૨** - વિઝન ૨૦૨૫ અંગે ચર્ચા (ચિંતન શિબિર)

❖ યુવાનોને સમાજ સાથે સાંકળવા : પ્રમુખશ્રી મનિષભાઇએ યુવાનોને સમાજની દરેક પ્રવૃત્તિઓમાં જોડાવાની અપીલ કરી. દરેક એકમમાં યુવા પ્રવૃત્તિ શરૂ થાય એ પર ભાર મુકી જણાવ્યું. દરેક એકમમાં સ્વયં ગૃપની રચના થાય એમ જણાવ્યું. યુવા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ મૃદુતાબેન તથા શ્રી પ્રણવભાઇની કામગીરીને બિરદાવી.

સુરતના હેમંતભાઇ મિસ્ત્રી દ્વારા જણાવ્યું કે 'યુવાનો પર વિશ્વાસ મુકી તેમને આગળ આવવા પ્રેરવા જોઇએ.

શ્રી જયેન્દ્રભાઇ પંચોલીએ જણાવ્યું કે અગાઉ ૪૦ વર્ષથી નડતો આવેલ પ્રશ્ન યુવાનોને આપણે સ્થાન આપેલ નથી. જે આજના ચિંતન શિબિરનો વિષય છે.. તે માટે હોદ્દેદારો અભિનંદનને પાત્ર છે.

ડો. મહેશભાઇ મિસ્ત્રીએ જણાવ્યું કે 'યુવાનોને ખાસ પ્રમુખ-મંત્રી જેવા હોદ્દાઓ પર રાખીને વડિલો તેને માર્ગદર્શન પુરું પાડે. યુવાનો વારંવાર એકત્રિત થતા રહે તેવા કાર્યક્રમોનું સુચારુ આયોજન કરવું.

અશ્વિનભાઇએ જણાવ્યું કે યુવાનોને આગળ લાવવા પ્રથમ કુટુંબ, પછી એકમ અને ત્યારબાદ મહામંડળમાં સામેલ થાય.

પ્રતિકભાઇ પંચોલી(સુરત એકમ) રજુઆત કરી કે અમારું સ્વયં ગૃપ સામાજિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે અને આગળ પણ કરતાં રહીશું.

મનિષભાઇ દ્વારા યુવાનોને આકર્ષણ માટે ક્રિકેટ મેચનું આયોજન કરવા જણાવ્યું. યુવાનો માટે આબુ/સાપુતારા જેવા સ્થળો નક્કી કરી ફક્ત યુવાનો માટે પ્રવાસનું આયોજન કરવું.

ડો. વિસ્મય મિસ્ત્રી દ્વારા જણાવ્યું કે મહિલા મંડળની જેમ દરેક એકમે સ્વયં ગૃપ બનાવવું.

જ્યોતિબેન એસ. પંચોલી વડોદરા વોટસઅપ ગૃપ દ્વારા યુવા ભાઇ-બહેનો જોડાય એવું ગૃપ બનાવવું. દરેક એકમમાં નામ સાથે સ્વયં ગૃપ નામ આપવામાં આવે તો યુનિટિની ભાવના પેદા થશે.

મુકેશભાઇ-મુંબઇ એકમ દ્વારા અમારા આવિષ્કાર ગૃપને સ્વયં નામ સાથે જોડાવા અસંમતિ દર્શાવી.

શ્રીમતિ સુરેખાબેન તરફથી રજુઆત થઇ કે નવયુગમાં યુવાનો માટેના બે પેજ અલગથી રાખવા જેમાં પોતાની રજુઆત, સિદ્ધિઓ, ચિત્રો વિગેરે પ્રદર્શિત કરી શકે.. તંત્રીશ્રી દિનેશભાઇએ જણાવ્યું કે કોઇપણ લેખ નવયુગને મોકલશે તો છાપવામાં આવશે..

❖ સ્વર્ણિમ ફંડને મજબુત બનાવવા માટે : પ્રમુખશ્રી મનિષભાઇએ દરેક એકમને જણાવ્યું કે સ્વર્ણિમ ફંડના આહ્વાનને ઘણો સારો પ્રતિસાદ મળ્યો. ગત વર્ષ કરતા ચાલુ વર્ષે મળેલ છે જેમાં વધુને વધુ ફંડ દરેક એકમના જ્ઞાતિજનો તરફથી ફંડને મજબૂત કરવા માટે વધુને વધુ રકમ આવે એ માટે આહ્વાન કરવામાં આવ્યું જેનાથી આપણાં સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને સહાય કરી શકાય. સ્વર્ણિમ ફંડના આવેલ રૂા. ૧૦૦૦/- નું ડીસ્ટ્રીબ્યુશન આ પ્રમાણે થશે. જેમાં રૂા. ૨૫૦/- શૈક્ષણિક, રૂા. ૨૫૦/- વિધવા સહાય, રૂા. ૨૫૦/- મેડીકલ સહાય અને રૂા. ૨૫૦/- મહામંડળ ક્ષેત્રે વહેચવામાં આવશે..

❖ સમાજ સુરક્ષા યોજન અંગે :- પ્રમુખશ્રી તરફથી સમાજ સુરક્ષા

નવયુગ શુભચિંતક શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

બાબતે રજુઆત કરવામાં આવી કે દરેક સભ્યોની એક મિટિંગ બોલાવીને ખુલ્લા મને ચર્ચા કરી તેમને સમજાવી સભ્ય સંખ્યા વધારવાની રજુઆત સમાજ સુરક્ષાના અધ્યક્ષશ્રી નવીનભાઇ વી. પંચોલીએ જણાવ્યું કે સમાજ સુરક્ષાના સભ્યોની મિટિંગ અલગથી સુરત ખાતે યોજવા અંગે શ્રી હેમંતભાઇએ આમંત્રણ આપ્યું જેમાં કુટુંબમાંથી એક સભ્ય હાજર રહેશે તો ચાલશે. તો સૌ મળી તંદુરસ્ત ચર્ચા થઇ શકશે..

❖ મહિલાઓને પ્રોત્સાહિત કરવા અંગે :- મહિલાઓને પ્રોત્સાહિત કરવા હાલનાં અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન તરફથી દરેક મહિલા મંડળોને વિવિધ પ્રવૃત્તિઓમાં જોડી પ્રોત્સાહનો પુરા પાડ્યા છે એ અંગે પાલ વિભાગમાં પણ એક મહિલા અધિવેશન થાય એ માટે આહવાન કરવામાં આવ્યું. જે બહેનો વધુને વધુ આવે અને સમાજની પ્રવૃત્તિઓ તથા તેમના વિકાસ ક્ષેત્રે પ્રગતિ કરી શકે.

❖ અધિવેશન અંગે :- પ્રમુખશ્રી મનિષભાઇએ જણાવ્યું કે પાલ વિભાગમાં અધિવેશન યોજાય એ અંગે પાલ વિભાગના એકમો તરફથી તંદુરસ્ત વિચારણા કરી યોગ્ય આયોજન થાય એવો નિર્દેષ કરવામાં આવ્યો.

❖ વિધવા બહેનોને આર્થિક પગભર કરવા બાબતે :- દાતા તરફથી ધંધો રોજગાર કરવા માટે કપડાં સીવવા મશીન આપવા માટે દાન મળેલ છે. તે મુજબ જરૂરીઆતમંદ બહેનોને આ સિવણકામના મશીન આપવામાં આવશે.

❖ ક્રિકેટ ટુર્નામેન્ટ તથા મહામંડળના નેજા હેઠળ થતાં કાર્યક્રમો બાબત :- મહામંડળના પ્રમુખશ્રીએ ક્રિકેટ ટુર્નામેનટ અંગે રાજપીપલા એકમની પ્રમુખશ્રી સાથે ચર્ચા કરી જેમાં રાજપીપલા એકમના પ્રમુખશ્રી ના જણાવ્યા મુજબ આગામી રાજપીપલાની સામાન્ય સભામાં ચર્ચા-વિચારણા કરી સંમતિ લઇ એ અંગે જાણ કરશે..

**એજન્ડા : ૩** - ગત તારીખ ૨૪.૦૮.૨૦૧૪ની નવસારી મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધને વાંચનમાં લઇ બહાલી આપવા બાબત :-

મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ જે. પંચોલીએ તા. ૨૪.૦૮.૨૦૧૪ના રોજ નવસારી મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કરવા સહમંત્રીશ્રી દેવાંગભાઇ પી. પંચોલીને જણાવ્યું. જેનું વાંચન સભા સમક્ષ કરવામાં આવ્યું જે બરાબર હોય સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. હેમંતભાઇ તરફથી રજુઆત કરવામાં આવી કે જે તે સભાની મિનિટસનું રેકોડીંગ કરવામાં આવે તે મુજબ તેનું લખાણ થાય.

**એજન્ડા : ૪** - મહામંડળ તથા તેની સંલગ્ન સંસ્થાઓના વર્ષ ૨૦૧૪-૧૫ના ઓડિટ થયેલ વાર્ષિક હિસાબો મંજુર કરવા બાબત :-

મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીએ વાર્ષિક નિવેદન સભા સમક્ષ કર્યુ. મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાઓના ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો અગાઉથી એજેન્ડા સાથે દરેક એકમને તથા હોદ્દેદારશ્રીઓ તથા સંલગ્ન વિભાગોના અધ્યક્ષ મંત્રી, તંત્રી, સહતંત્રી, સહમંત્રી તથા ટ્રસ્ટીશ્રીઓને મોકલાવવા માં આવેલ જે બાબતે દરેકે અહેવાલ તથા હિસાબોનો અભ્યાસ કર્યો હશે એમ જણાવ્યું. મહામંડળ તથા તેની સંલગ્ન સંસ્થાઓના અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી, સહમંત્રી દ્વારા વિગતે છણાવટ કરવામાં આવી. ચર્ચા વિચારણાને અંતે હિસાબો બરાબર હોય સદર અહેવાલ તથા હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે..

મહામંત્રીશ્રી દ્વારા વેબ સાઇટ ફંડના સરવૈયામાં પ્રિન્ટીંગ મીસ્ટેક નો સૌ સભ્યશ્રીઓને જણાવ્યું તથા તે અંગે તેઓએ દિલગીરી વ્યકત કરી. વેબ કમિટીના ડોનર કમલેશભાઇ એચ. ગજ્જર-સુરત તરફથી રૂા. ૧,૫૧,૦૦૦=- દાન પેટે જાહેરાત કરેલ જે અન્વયે વર્ષ ૨૦૧૪ થી વર્ષ ૨૦૩૦ સુધી સ્પોન્સર તરીકેનું તેઓનું નામ રહેશે.

**એજન્ડા : ૫** - શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચના એજન્ડા પર ચર્ચા વિચારણા કરવા બાબત -

(A) સમાજ સુરક્ષા બાબતે માત્ર સમાજ સુરક્ષાના સભ્યો જોગ એક અલગ મિટિંગ સુરત ખાતે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં યોજના બાબતે પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવું અને જરૂર જણાય ત્યાં નિયમો બાબતે સ્પષ્ટતા કરવી. જેમાં સમાજ સુરક્ષાના સભ્યો હાજર રહે. એક કુટુંબમાં બે થી વધુ સભ્ય હોય તો ઘરના એક સભ્યએ પણ સદર મિટિંગમાં હાજર રહી સુંદર યોજના અંગે પોતાના વિચારો રજુ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું કરાવવામાં આવ્યું.

(B) શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના બંધારણની નકલ વેબ સાઇટ પર પ્રકાશિત કરવા બાબતે. -શ્રી હેમંતભાઇ(સુરત)એ જણાવ્યું કે ઉનાઇ સભામાં નક્કી થયા મુજબ મહામંડળનું બંધારણ વેબ સાઇટ પર મુકવાની રજુઆત કરેલ પરંતુ હજુ સુધી આવેલ નથી તો એ બાબત પર વિચાર કરશો..

પ્રમુખશ્રી મનિષભાઇએ જણાવ્યું કે બંધારણમાં અમુક સુધારા આજની સભામાં કરીને નવું બંધારણ રજુ કરીએ અને જે તે બંધારણની કોપી મહામંત્રીશ્રી પાસેથી મેળવી શકાય.

ડો. મહેશભાઇ મિસ્ત્રી તરફથી રજુઆત કરી કે ટ્રસ્ટના બંધારણ માટે ભરૂચમાં બંધારણના એકસપર્ટ છે તેમને મળીને પછી જ બંધારણ નક્કી કરીએ તો વધુ સુગમ રહેશે. જુના બંધારણમાં સુધારો કરવા માટે ફરીથી બીજી એ.જી.એમ.(સ્પે) બોલાવવી પડે અને તેમાં નક્કી કરવું પડે. બંધારણમાં તે ચર્ચા વિચારણા કરવા માટે સુરત ખાતે સમાજ સુરક્ષાની મિટિંગ મળવાની છે તેમાં ૬ થી સાત સભ્યોને બોલાવીને નક્કી કરવું.

નવયુગ શુભચિંતક સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી તેજગઢ સ્વ. ચીમનભાઇ પરસોત્તમદાસ પંચોલી જબુગામ

ભરતભાઇ પંચોલી-વ્યારા તરફથી રજુઆત કરવામાં આવી કે તમામ સંલગ્ન સંસ્થાઓના અધ્યક્ષશ્રીઓની સાથે મળીને બંધારણમાં ફેરફાર કરવો અને જે તે મુદ્દાની ચર્ચાનો અંત લાવવો હોય તો સત્વરે આ કાર્ય કરવું જરૂરી છે.

રાજપીપલાના પ્રમુખશ્રી એડવોકેટ પ્રકાશભાઇ પંચોલીએ જણાવ્યું કે સમાજના સભ્યોમાં વકીલ હોય તેવાની સલાહ લઇ બંધારણ બનાવવું.

મનિષભાઇએ જણાવ્યું કે શ્રી પ્રકાશભાઇ કાયદાના જાણકાર હોવાથી એમનો આ કીમટિમાં સમાવેશ કરવામાં આવે છે. પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચીબોર્ડના અધ્યક્ષ ડો. મહેશભાઇ, ચેતનભાઇ પંચોલી, પ્રકાશભાઇ એડવોકેટ, સુમનભાઇ મિસ્ત્રી.

શ્રી પંચોલી નવયુગને વધુ દળદાર અને વહેચણીની સરળતા બાબતે દ્વિમાસિક કરવા બાબતે..

શ્રી હેમંતભાઇએ જણાવ્યું કે પંચોલી નવયુગને દ્વિમાસિક કરવાથી તે વધુ દળદાર બનશે અને વહેંચવામાં સરળતા રહેશે..

પ્રમુખશ્રી મનિષભાઇએ જણાવ્યું કે નવયુગ જે રીતે ચાલે છે તે રીતે માસિક જ રાખવું વધુ સારું રહેશે.

જયેન્દ્રભાઇ પંચોલી તરફથી રજુઆત કરવામાં આવી કે જે તે એકના બંચ એક જ જગ્યાએ મોકલી એકમ દરેકને અલગ કરીને બોક્ષ પોસ્ટ દ્વારા સભ્યને પહોંચાડે.

**એજન્ડા : ૬** - ટ્રસ્ટીની નિમણૂંક - ભરતભાઇ પંચોલી-વ્યારા તરફથી મહામંડળના ટ્રસ્ટી તરીકે શ્રી મનિષભાઇ એમ પંચોલી વ્યારાના નામની દરખાસ્ત મુકવામાં આવી જેની દરેક સભ્યશ્રીઓ તરફથી બહાલી આપવામાં આવી.

**એજન્ડા : ૭** - નવા હોદ્દારોની વરણી કરવા બાબત - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના બીજા બે વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનમતે વરણી કરવામાં આવે છે.

**મહામંડળ**

| | |
|---|---|
| પ્રમુખ | શ્રી મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા |
| ઉપપ્રમુખ | શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત |
| | શ્રી મુકેશભાઇ પી. પંચોલી-મુંબઇ |
| મહામંત્રી | શ્રી રાજેશભાઇ ડી. પંચોલી-વ્યારા |
| સહમંત્રી | શ્રી દેવાંગભાઇ પી. પંચોલી |
| ખજાનચી બોર્ડ | |
| અધ્યક્ષ | શ્રી ભરતભાઇ સી. પંચોલી-વ્યારા |
| સભ્યશ્રી | ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર |
| | શ્રી કમલેશભાઇ એચ. ગજ્જર-સુરત |
| | શ્રી સુમનભાઇ એમ. મિસ્ત્રી-વ્યારા |
| | શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી-વડોદરા |
| પંચોલી નવયુગ | |
| તંત્રી | શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર |
| સહતંત્રી | શ્રીમતિ ભાવના એમ. મિસ્ત્રી-અંકલેશ્વર |
| તબિબિ સેવા સંકુલ | |
| અધ્યક્ષ | ડો. વિસ્મય એમ. મિસ્ત્રી-અંકલેશ્વર |
| મંત્રી | શ્રી પારસભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર |
| સમાજ સુરક્ષા યોજના | |
| અધ્યક્ષ | શ્રી નવિનભાઇ વી. પંચોલી-વ્યારા |
| મંત્રી | શ્રી નવિનભાઇ સી. પંચોલી-વ્યારા |
| સહમંત્રી | શ્રી રાજેશભાઇ પી. ગાંધી-ઉધના(સુરત) |
| સી.ટી.સ્મારકનિધિ | |
| અધ્યક્ષ | શ્રી ધવલભાઇ જે. પંચોલી-સુરત |
| મંત્રી | શ્રી નિશિકાંતભાઇ બી. મિસ્ત્રી-સુરત |
| મહિલા સંગઠન | |
| અધ્યક્ષા | શ્રીમતિ આનંદીબેન બી. પંચોલી |
| કો. ઓડીનેટર | શ્રીમતિ શોભાબેન કે. મિસ્ત્રી-બીલીમોરા |
| વેબ સાઇટ | |
| અધ્યક્ષ | શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત |
| કો-ઓર્ડિનેટર | શ્રી પ્રતિકકુમાર પી. પંચોલી-સુરત |
| યુવા સંગઠન | |
| અધ્યક્ષા | શ્રીમતિ મૃદુતા પી. પંચોલી-સુરત |
| કો-ઓર્ડિનેટ | શ્રી અભય એન. પંચોલી-વડોદરા |

સ્વર્ણિમ ફંડ કમિટિ

શ્રી પદ્માકાંતભાઇ એમ. પંચોલી-વડોદરા
શ્રી દિપકભાઇ એસ. ગાંધી-સુરત
શ્રી મુકેશભાઇ પી. પંચોલી-મુંબઇ
શ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રી-બીલીમોરા
શ્રી ચંદ્રકાંતભાઇ જે. પંચોલી-રાજપીપલા
શ્રી કમલેશભાઇ એમ પંચોલી-બોડેલી

પ્રમુખ સ્થાનેથી રજુ થતા કામો :-

(a) વડોદરા એકમ તરફથી રજુઆત કરવામાં આવી કે પંચોલી સમાજ ભવન વડોદરા માટે સમાજના વધુને વધુ સભ્યો સહાય કરે, દાન કરે એવી અપીલ કરવામાં આવી. સમાજ ભવન આપણાં સમાજની એક આગવી મિલ્કત થશે. આપણાં સમાજના વ્યકિતઓ માટે એક આગવી સગવડ થશે. જે વાતને સમર્થન આપતા મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇએ પણ સમાજના દરેક જ્ઞાતિજનોને અપીલ કરી.

(b) શ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ નવયુગમાં વધુ જાહેરાત એકત્ર કરી લાવનારને એકમ વાઇઝ ઇનામો આપ્યા.

સુરત એકમ તરફથી પોસ્ટીગ ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/- તથા મુંબઇ એકમ તરફથી રૂા. ૫૦૦૦/- નવયુગને આપવાની જાહેરાત કરવામાં આવી.

(c) મુંબઇ એકમના શ્રી કિરણભાઇ પંચોલીએ પ્રમુખશ્રી મનિષભાઇને જણાવેલ કે રૂા. ૧,૧૧,૧૧૧/-નું દાન સરતોને

નવયુગ શુભચિંતક સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી તેજગઢ સ્વ. ચીમનભાઇ પરસોત્તમદાસ પંચોલી જબુગામ

આધિન આપવાની જાણ કરી છે જેમાં ખાતાની શરત અનુસાર સી.ટી.ના પ્રમુખ-મંત્રી અને દાતાના પ્રતિનિધિ દ્વારા નકકી કરેલ જે તે વિદ્યાર્થીને ઇનામ આપવામાં આવશે.

(d)બીલીમોરાના શ્રીમતિ શોભાબેન તથા શ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રી તરફથી પૌત્રી 'નિષ્કા'' કૃણાલભાઇ મિસ્ત્રીના જન્મ પ્રસંગે રૂા. ૫૧,૦૦૦/- શ્રી તબીબી સેવા સકુલને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની શરતે મળ્યા છે.. દર વર્ષે 'ચિ. નિષ્કા' વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫,૦૦૦/- તબીબી સેવા સંકુલને મળે એવી વ્યવસ્થા કરવી. એનો સહર્ષ સ્વીકાર કર્યો.

(e) પ્રમુખશ્રી મનિષભાઇ એ જણાવ્યું કે વેબસાઇડને રૂા. ૧૦,૦૦૦/- આપતા હતાતેના બદલે પંચોલી નવયુગને વાર્ષિક રૂા. ૧૫,૦૦૦/- મહામંડળ તરફથી આપવાનું ઠરાવવામાં આવ્યું.

(f) પંચોલી નવયુગ દિપોત્સવી અંકને સોવેનીયર અંકમાં બદલી વધુમાં વધુ દળદાર અંક બનાવવો.

(g) ધોરણ ૮ થી ૧૨ સુધીના શિષ્યવૃત્તિ સી.ટી.સ્મારક નિધિ તરફથી આપવામાં આવશે. અને સ્નાતક કે તેથી વધુને મહામંડળ તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવે એમ બે ફોર્મ અલગ અલગ નવયુગમાં આપવામાં આવશે.

(h) ડો. મહેશભાઇ મિસ્ત્રી તરફથી રજુઆત કરવામાં આવી કે ડાયસ પર આટલી સંખ્યા ન રાખતા ઓછી બેઠક રાખવામાં આવે.

પ્રમુખશ્રી મનિષભાઇએ જણાવ્યુ કે હવે પછી સભામાં પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, સહમંત્રી તથા ખજાનચી બોર્ડના સભ્યોની બેઠક ડાયસ પર રાખવી અને આગળની બે હરોળમાં મહામંડળના હોદ્દેદારો માટે અનામત રાખી ત્યાં સ્થાન આપવું.

(i) જતીનભાઇ પંચોલીએ રજુઆત કરી કે સંલગ્ન સંસ્થાના અધ્યક્ષશ્રીને ડાયસ પર સ્થાન આપવું જોઇએ..

(j) વડોદરા એકમને સામાન્ય સભા યોજવા બદલ રૂા. ૧૫,૦૦૦/- ને સ્થાને રૂા. ૨૦,૦૦૦/- શહેરની કક્ષા મુજબ મંજુર કરવાનું ફરાવવામાં આવે છે...

અંતમાં સભાના આયોજન બદલ સહમંત્રીશ્રી દેવાંગભાઇએ વડોદરા એકમનો આભાર વ્યકત કર્યો. વડોદરા એકમના કાર્યકરોએ સદર સભાને સફળ બનાવવા માટે મહેનત કરી સવારે ગરમ ચ્હા-નાસ્તો અને બપોરનું સ્વાદિષ્ટ ભોજન તથા સાંજે ઠંડા પીણાની સુંદર વ્યવસ્થા કરવા બદલ તથા દરેક એકમના સભ્યશ્રીઓ હાજર રહી મિટિંગને સફળ બનાવી તે બદલ આભાર વ્યકત કરી મિટિંગને પૂર્ણ થયાની જાહેરાત કરી.






## આંતરજ્ઞાતિય લગ્ન ????

ઉષાબેન મુકેશભાઇ પંચોલી
રાજપીપલા

માનનીય હેમંતભાઇના પંચોલી જ્ઞાતિના આંતર જ્ઞાતિય લગ્ન કરેલ દીકરીઓ અંગે વ્યકત કરેલ હકારાત્મક વિચારોને અમો સમર્થન આપતા હમો અમારા વિચારો વ્યકત કરીએ છીએ.

આંતરજ્ઞાતિય લગ્ન કરતી દિકરીનો બહિષ્કાર આપણો સમાજ કરે એ ખરેખર કયાંનો ન્યાય ? કહેવત અનુસાર 'દિકરો કરે એ સારું અને દિકરી કરે એ છીનાળું' એ આજના બુદ્ધિપ્રધાન સમાજને માટે શું યોગ્ય એ માનવું છે ? આજની એકવીસમી સદીમાં દીકરાઓને પાછળ મુકી ઘણાં ક્ષેત્રમાં દીકરીઓ આગળ નીકળી ચુકી છે ત્યારે દીકરા દીકરીના લગ્ન વિષયક બાબત ભેદભાવ શા માટે ?

વર્તમાન સમયમાં સમાજમાં લઘુતાગ્રંથી ધરાવતા કૂપમંડૂક જેવા લોકો એમ માનતા હોય છે કે જો આવી દીકરીઓ સમાજમાં અપનાવીએ તો સમાજના નિતિનિયમોના લાભો આપવા પડે પણ એવું જરાયે નથી. પરજ્ઞાતિમાં ગયેલી દીકરીઓ લાભાલાભ નો જરાય વિચાર કરતી નથી. એતો સમાજની (પંચોલી) દીકરી હોવાનો ગર્વ અનુભવવા મળે અને સમાજ પ્રેમથી બોલાવે, આર્થિક સહયોગ આપવા તત્પર રહેતી હોય છે. ભલે પરજ્ઞાતિમાં લગ્ન કર્યા પણ પંચોલી હોવાનો ગર્વ પણ એ અનુભવતી હોય છે. તો સમાજ કેમ અપનાવવામાં પાછો પડે છે ? એ જ સમજાતું નથી.

સમાજના મોભીઓને ખબર જ હશે કે દીકરી બે કુળને તારે, ભલે પરજ્ઞાતિમાં લગન કર્યા હોય તો પણ એ પંચોલી હોવાનો ગર્વ અનુભવે છે. પંચોલી જ્ઞાતિમાં જન્મેલ દીકરી પરજ્ઞાતિમાં જાય તો ત્યાં દુધમાં સાકરની જેમ ભળી જઇ જ્ઞાતિ ગૌરવ વધારતી જ હોય છે. આવી દીકરીના માત-પિતા, સગાસ્નેહીજનો વિગેરેતો એને અપનાવે જ એ સ્વાભાવિક છે તો એજ સમાજ માટે કંઇક કરી છુટવાની ખેવના રાખતી એવી દીકરીઓ માટે આપણો સમાજ આટલો નિષ્ઠુર શા માટે ?

આપણાં સમાજની કેટલીક દીકરીઓ કે જે વિશિષ્ટ ડીગ્રીઓ પ્રાપ્ત કરે છે. ત્યારે આપણે એને પ્રેમ પૂર્વક નિમંત્રિત કરી સન્માનીએ છીએ. કયારે આવી વિશિષ્ટ ડીગ્રીસ્થાન હોદ્દાઓ ધરાવતી દીકરીઓ યોગ્ય પરજ્ઞાતિ યુવકો સાથે લગ્ન કરે તો એજ દીકરીઓ પંચોલી સમાજ માટે અસ્પૃશ્ય બની જાય ?એ ખરેખર ખૂબ જ ધ્યાન માંગી લે એવો મુદ્દો છે. ખેરખર તો એવી દીકરીઓ દ્વારા આપણાં સમાજને વધુમાં વધુ લાભ મળી શકે તેમ હોય તો આ લાભ ઉઠાવવા માટે સમાજે તત્પર રહેવું જોઇએ અને એ રીતે આપણે વિચારી દીકરીઓને જણાવીશું તો દીકરીઓ ઉત્સાહ પૂર્વક આગળ આવી સમાજ માટે કંઇક કરી છુટવાની તત્પરતા દાખવશે જ.. ઋણ અદા કરવામાં સહેજ પણ પાછી પાની નહી જ કરે એનો પૂરેપુરો વિશ્વાસ છે જ..

હવે તો અન્ય જ્ઞાતિ સમાજે પોતાના ફંકશનમાં પરજ્ઞાતિમાં લગ્ન કરેલ દીકરી-જમાઇને બોલાવતા થયા છે અને એટલું જ માન આપે છે.. જ્ઞાતિવાદ વિસરી જઇ પોતાની ગુરુતાગ્રંથીનો પરિચય આપી સમાજને ભર્યો ભર્યો બનાવી દે છે ત્યારે આપણાં સમાજની લઘુતાગ્રંથી ધરાવતી વ્યકિતઓ લઘુતાનો ત્યાગ કરી ગુરૂતા અપનાવી સમાજને વિકાસની કેડીએ આગળ વધારીએ....



## આપણું ગૌરવ

બીલીમોરા નિવાસી દિવ્યેશકુમાર દિપકલાલ મહેતાના સુપુત્ર ચિ. ધૈવત માર્ચ ૨૦૧૫ના સત્રમાં બૃહદ ગુજરાત સંગીત સમિતિ, અમદાવાદ દ્વારા લેવામાં આવેલ સંગીત વિશારદ(તબલા)ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમે આવી માતાપિતાનું, સમગ્ર પંચોલી સમાજનું તથા બીલીમોરા સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન..

વર્તમાનમાં ચિ. ધૈવત એમના કાકાશ્રી હર્ષેશભાઇ મહેતા અને મુંબઇ સ્થિત ડો. અમીશ પ્રધાન પાસે ૧૫ વર્ષથી તબલાની પરંપરાગત તાલીમ લઇ રહ્યા છે... સાથે સાથે ગ્વાલિઅર સ્થિત રાજા માનસિંઘ તોમર સંગીત મહાવિદ્યાલયમાં અનુસ્નાતક(M.A.) કરી રહ્યા છે... નવસારી જિલ્લાનું ગૌરવ વધારવા બદલ તેમને ચંદ્રક આપી નવાજવામાં આવશે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, શ્રી પંચોલી સેવા સમાજ બીલીમોરા તેમજ સમગ્ર પંચોલી સમાજ ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક અભિનંદન પાઠવે છે...

# દિપોત્સવી અંક - ૨૦૧૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા વગર કે સાથે) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂ. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર કરેલ જાહેરાતના રૂ............☑રોકડા/ડ્રાફ્ટ/આંગડીયા દ્વારા મોકલ્યા છે. **(ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ *A/c* પંચોલી નવયુગના નામનો મોકલવો. (ડ્રાફ્ટ માટે** *- Payble at Ankleshwar)*

('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)................................................ (૩) ................................................

(૪)................................................ (૫) ................................................

(૬)................................................ (૭) ................................................

(૮)................................................ (૯) ................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન .................................... ફોન : (ઘર)..............................(ઓ)...............................

મોબાઇલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૩૦.૦૯.૨૦૧૫ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

નવયુગ શુભચિંતક  સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી  તેજગઢ  સ્વ. ચીમનભાઇ પરસોત્તમદાસ પંચોલી  જબુગામ

# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

નવયુગ સૌનું માનીતુ બને... નવયુગની જ્ઞાતિજનો દર મહિને રાહ જુએ અવુ લોકપ્રિય બનાવવા તેમજ દળદાર અંક બને એ માટે આ અંકથી 'અભિનવ પૂર્તિ' વિભાગ શરૂ કરીએ છીએ... આશા રાખુ છું આપને ગમશે.. આપના અભિપ્રાયો તથા સૂચનો આવકાર્ય છે... તંત્રીશ્રી

## વૈભવ.... ગુજરાતી થાળીનો...



સાસુજી, કંસાર, દાદીમા જેવા વૈભવી ડાયનીંગ હોલમાં દાખલ થાવ એટલે પ્રથમ ટેબલ બુક કરાવી પ્રતિક્ષામાં વાતચીત કરતા થોડાં બગાસા પણ ખાઇ લેવા પડે છે. નંબર લાગતા જ ટેબલ પર તમારી સામે થાળીમાં ટપોટપ વાનગીનો વરસાદ વરસવો શરૂ થઇ જાય છે. ચાર જાતના કચુંબર, અથાણાં, બે થી ત્રણ કલરની ચટણી, પાપડ, ત્રણ જાતના શાક, તેમાં પનીરનુ શાક તો હોય જ.. બે થી ત્રણ જાતના ફરસાણ, ત્રણ જાતની સ્વીટસ, રોટલા, રોટલી, પુરી, ભાખરી કે થેપલાં.. અંતમાં દાળ, કઢી, ભાત અને ઉપરથી બે ત્રણ ચમચી ઘી અને છેલ્લે છાસ પીને ઓડકાર ખાવાનો વૈભવ તો ગુજરાતી થાળી નો જ...

આપ સૌ અનુભવ કરી ચુકયા જ હશે.. લોકોને આકર્ષવા ડાયનીંગ હોલવાળા થાળીમાં ઢગલો વાનગીઓ પીરસે છે અને લોકો પચાવી શકશે કે કેમ ? તે વિચાર્યા વિના ખાધે રાખે છે. તમને એવું નથી લાગતું કે ગુજરાતી થાળી એટલે પેટ પરનો અમર્યાદિત અત્યાચાર....

આપણે પણ ચાખવા માટે પણ બધી વાનગીઓ થાળીમાં પીરસાવી તો દઇએ તો છે જ.. અને અંતે બગાડીએ તો કેવું લાગે ? એમ માની ને ધીમે ધીમે પણ સ્વાહા કરી જઇએ...

ખરેખર ગુજરાતી થાળી એ સંપુર્ણ ભોજનનું સરસ ઉદાહરણ છે. એમાં ગળ્યો, ખારો, ખાટો, તીખો, તુરો અને કડવો એમ છ સ્વાદ આવી જાય છે.

ગુજરાતી થાળીનો વૈભવ નજર સમક્ષ આવતા જ આપણે સૌને ડાયાબીટીઝ, બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ, ગેસ, એસીડીટીની તકલીફો ભુલી જઇએ છીએ..મિત્રો - સગાવ્હાલાઓ પણ કહે આજે એક દિવસ ખાવામાં કાંઇ વાંધો નથી..

પણ શાંતીથી વિચારીશું તો મહીનામાં એક બે દિવસ રીસેપ્શનમાં, એકાદ દિવસ બર્થડેમાં, કોઇકવાર રીંગ સેરેમની કે પછી અન્ય પ્રસંગો, તહેવારો.. આમ ૮ થી ૧૦ દિવસતો વૈભવી થાળનો વૈભવ માણી જ લઇએ છીએ...

હવેના યુગમાં મોબાઇલ, ટીવી,ના આગમનથી ચાલવાનું, કસરત કરવાનું કે પછી શ્રમ થાય એવા કામની આપણે સૌ બચતા બહીએ છીએ. એટલે આપણાં આરોગ્યને આવો વૈભવ કેટલો પોષાય ? તે વિચાર કરીને જ માણવો રહ્યો...

## મનની મુંઝવણ

'મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે.
આ સમજ કે અણસમજ એ ખુદ સરજતું હોય છે.'

કવિશ્રી રાજેન્દ્ર શુકલએ લખ્યુ હતું પણ તોયે મનને સમજાવવું તો પડતું જ હોય છે.. કયારેક મચડવું, ડરાવવું કે ખંખેરવું પણ પડતું હોય છે.. કેમ કે મન જોખમી ચીજ છે. તે ગમે તેને ગમે તે કરી શકે છે. મનની મુંઝવણો પણ અપાર છે.. તો તેનો ઉકેલ પણ પારાવાર છે થોડી ઝલક જોઇએ.. (મનોચિકિત્સક ડોકટરના અભિપ્રાય પ્રમાણે સારવાર કરવી..)

**પ્રશ્ન : મને વધુ પડતાં વિચારો આવે છે. હું ઘણીવાર ભયગ્રસ્ત અને નેગેટીવ બની જાંઉ છું.યોગ, પ્રાણાયમ, આર્ટ ઓફ લીવીંગ બધુ જ કર્યુ પણ ફરક પડતો નથી.**

**જવાબ** : આપને એન્કઝાઇટી ડીસ ઓર્ડર, એનકઝાઇટી-ડિપ્રેસન પ્રકારની કોઇ માનસિક બિમારી હોઇ શકે છે. અથવા શરૂઆત હોઇ શકે. મનોચિકિત્સકની યોગ્ય દીા લેવાથી આપની તમામ ચિંતા દૂર થઇ શકે છે. સાથે સાથે યોગ, પ્રાણાયમથી જલ્દી રાહત થશે..

**પ્રશ્ન : મારી બહેન ૩૦ વર્ષની છે. મારા જીજાજી ખૂબ જ સારા છે.છતા મારી બેન તેમને શંકાશીલ નજરથી જોયા કરે છે.. ઘરની કામવાળી, ભાભી કે પડોશણ ઉપર વહેમાય છે. અને જીજાને ચારિત્રહીન કહે છે. જીજાએ તેને પીયર વળાવી દીધી છે શું કરીએ ?**

**જવાબ** : તેમને સમજાવવાનું વ્યર્થ છે. તાત્કાલ

નવયુગ શુભચિંતક શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી દ્યારા શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી દ્યારા

સાયકિયાટ્રીક સારવાર ચાલુ કરો. આ શકને પેથોલોજીકલ જેલસી કહેવાય છે. એની સારવારથી તેમના વહેમો અચુક દુર થઇ જશે. બે મહિનામાં તેઓ કહેશે તેમના પતિ સુધરી ગયા છે..

**પ્રશ્ન : મારા ભાઇને ખેંચની બિમારી છે, ૧૦ વર્ષોથી દવા લેવાથી કાબુમાં છે પણ આજકાઇ ખુબ ગુસસે થઇ જાય છે અને ઉશ્કેરાયેલો રહે છે. બધાને હેરાન કરે છે.**

**જવાબ :** આપ ન્યુરોફીજીશ્યન કે સાયકિયાટ્રીકને તુરત મળો. તેમની ચાલતી દવા અસરકારક છે પણ લાંબા ગાળે લેવાથી માનસિક લક્ષણો ઉદ્‌ભવતા હોય છે. બજારમાં નવી દવા મળે છે તે લેવાથી એમની તકલીફ દુર થઇ શકશે.

**પ્રશ્ન : પરીક્ષામાં સારી રીતે તૈયારી કરવાની ટિપ્સ તો ઘણાં આપે છે, પરંતુ ખરાબ રીઝલ્ટ ને જીરવી લેવાની ટીપ્સ કોઇ આપતું નથી.**

**જવાબ : અપેક્ષા કરતાં ખરાબ રીઝલ્ટ આવવાથી દુઃખ થવું જોઇએ એ જરૂરી છે કેમ કે તો જ બીજીવાર એવું ન થાઇ તે માટે મન સજજ થશે..**

ખરાબ રીઝલ્ટ માટે અઘરા પેપર્સ, માંદગી, નબળા ટયુશન શિક્ષક, ખરાબ શાળાને દોષ દેવાની જરૂર નથી. એવું માનસો તો રીઝલ્ટ હજુ ખરાબ આવી શકે છે. રીઝલ્ટ આપણે કારણે ખરાબ આવ્યું એ વાત સ્વીકારવી જ રહી.

રીઝલ્ટ બદલાય છે, સમય બદલાય છે, મહેનત, આવડત, નશીબ, બધુ જ બદલાય છે, સુધરી શકે છે એ વાત વારંવાર વિચારો.. વાંચવાની, યાદ રાખવાની શૈલી બદલી જુઓ, અન્ય સફળ વિદ્યાર્થીઓના સુચનો માંગો.

**પ્રશ્ન : મારી યુવાન પુત્રીને હિસ્ટીરીયા થયો છે. ખેંચ આવે છે, એ તરફડે છે. ત્યારે અમે સાંત્વન આપવા જઇએ છીએ પણ ડોકટર કહે છે તેમ કરવાથી રોગ વધી જશે. શું એ સાચું છે..**

**જવાબ :** હા, હિસ્ટીરીયામાં વ્યકિત (મોટે ભાગે યુવાન છોકરી)ને ખેંચ આવે છે અથવા બહોશ થઇ જાય છે. શ્વાસ ઝડપથી ચાલે છે, કયારેક લકવાની અસર દેખાય છે.. ચીસો પાડે કે ડોળા ઉપર ચડાવી દે છે. આનું સંચાલન અજાગ્રત મનમાંથી થતું હોવાથી વ્યકિતને કયારેય ઇજા થતી નથી કે પલંગ પરથી પડી જતી નથી. આવી વ્યકિત લઘુતાગ્રંથી, એકલતા કે તમારો પ્રેમ, કે હૂંફ મેળવવા અજાણતા હિસ્ટીરીયાને નોંતરે છે. આવી વ્યકિત સાજી હોય ત્યારે પ્રેમ લાગણી યા સાંત્વન આપો પણ તેના હિસ્ટીરીયાના ઉથલા વખતે તેને એકલી ત્યજી દો, તેના પર જરા સરખું ધ્યાન ન આપો. કાંદો સુઘાવશો નહીં એટલું અવશ્ય યાદ રાખો એ ઢોંગી નથી પણ અજાગ્રત પણે સૌનો પ્રેમ પામવા બિમાર પડયા કરે છે... મનોચિકિત્સકની સારવાર લેવી.

**પ્રશ્ન : મારી ૨૩ વર્ષની દીકરીને ઓબ્સેસીવ કમ્પલ્ઝીવ ડીસ ઓર્ડર થયો છે. દવાઓથી ફરક હતો પણ ધ્રુજારીને કારણે દવા બંધ કરી છે. સંડાસમાં ઘણીવાર લાગે છે. નાહવામાં પણ ઘણીવાર લાગે છે. સીધી ગીઝર નીચે જ બેસવાની ટેવ છે. સમજાવવા છતા માનતી નથી.**

**જવાબ :** આ બીમારીનું નામ કમ્પલ્ઝિવ એટલા માટે છે કે એમાં અમુક વસ્તુ યા ક્રિયા કરવાનું દરદીને મજબુર થઇને કરવું જ પડે છે. આથી ધમકાવો કે સમજાવો ફરક પડશે જ નહીં. ઘણાને વસ્તુ વ્યવસ્થિત અપટુડેટ જ જોઇએ, સફાઇની ચોકકસ અમુક રીતે જ થવી જોઇએ, ન થાય તો ગુસ્સો આવી જાય છે. ઘરમાં વારંવાર ચેક કરવાનું મન થાય છે. લોક બરાબર ચેક કરવાનું યા મનમાં કોઇ શબ્દો ગણગણી લેવાની ટેવ પડી જાય છે. દવાની મદદથી નોર્મલ થઇ જશે. ધ્રુજારી આવે છે તો દવા બદલી શકાય છે.

**પ્રશ્ન : મારા ભાઇની મેન્ટલ ટ્રીટમેન્ટ ચાલે છે. તે મનમાં આવે તેમ વર્તતો હતો અને તોડફોડ કરતો હતો. કાંઇ કામધંધો કરતો નથી. પણ મારો પ્રશ્ન એ છે કે એ બરાબર ખાતો પીતો હોય, અને સૌને ઓળખતો હોય, ટીવી જોઇ શકતો હોય તો મેન્ટલ સીકનેશ કઇ રીતે કહેવાય ? નાટક કરતો હોય એવું મને લાગે છે...**

**જવાબ :** જો તે નાટકીયતા કરતો હોય, જુઠાણાવૃત્તિ હોય તો તે પણ મનોવૈજ્ઞાનિક બીમારીના ભાગ રૂપે સમજવી. માનસિક બિમારીમાં મગજનો અમુક ભાગ જ બગડે છે. અને અન્ય ભાગ સલામત રહી શકે છે. સન્નિપાતમાં સમજશકિત સભાનતા નથી રહેતી, જયારે હતાશમાં મહદ્‌અંશે લાગણી-ઇમોશન્સ ક્ષતિપૂર્ણ હોય છે. મનોવિચ્છન્નતામાં વિચાર શકિત અને અનુભૂતિ બદલાઇ જાય છે.. આથી એકાદ બે કાર્ય બરાબર કરતો હોય તેનો અર્થ એ નથી કે તે માનસિક બિમાર નથી. માણસ કામધંધો ન કરે અને તોડફોડ કરે એજ મોટી માનસિક બિમારીની નિશાની છે. દવા બંધ કરશો નહીં. ચાલુ જ રાખશો.

**પ્રશ્ન : દારૂ છોડાવવા અંગે જે ગોળી મળે છે તો કયાં મળે છે ? ગમે તે માણસ લઇ શકે ?**

જવાબ : આ ટીકડીમાં "Disulfiram" નામનો કમ્પાઉન્ડ હોય છે. તે લીધા પછી દારૂ પીવાય જાય તો વ્યકિતને ચકકર, પરસેવો, ગભરાટ, ઉલ્ટી વગેરે થાય છે. ઘણાને સન્નિપાત, ઉલ્ટી, ખેંચ કે બેહોશી પણ આવી શકે છે.

જો વ્યકિત દારૂ ન પીએ તો દવા જોખમી નથી. મનોચિકિત્સકની સલાહ મુજબ જ દવા શરૂ કરવી. વ્યકિતની દારૂ છોડવાની તીવ્ર સ્વેચ્છા, કૌટુંબીક સહયોગ અને મનોચિકિત્સકની સારવાર-સહયોગ દ્વારા જ આ દવાનો ઉપયોગ કરવો.

**પ્રશ્ન : મારી દીકરી જીદ્દી છે તે વારંવાર આત્મહત્યાની ધમકી આપ્યા કરે છે. એકાદવાર હાથની નશમાં બ્લેડ પણ મારી દીધી હતી.. શું કરવું ?**

**જવાબ :** પોતાની જીદ પુરી કરવા આત્મહત્યાની ધમકી આપનાર વ્યકિતને હિસ્ટ્રીયોનિક યા બોર્ડરલાઇન પર્સનાલીટી ડીસઓર્ડર જેવી માનસિક બિમારી હોઇ શકે. પોતાની તરફ સૌને સહાનુભૂતિ થાય એવા અજાગૃત કારણસર વ્યકિત આવુ વર્તન કરે છે. જો તે ડિપ્રેશનમાં હોય તો ખરેખર સિરિયસ બનાવ બની શકે પણ તેની જીદ ન સંતોષાય તો આવુ વર્તન આપમેળે ઓછું થતું જશે. યોગ્ય મનોચિકિત્સકની સલાહ મુજબ દવા કરવી.

**પ્રશ્ન : મારી બેબી ૧૨ વર્ષની છે. રોજ રાત્રે પથારીમાં પેશાબ કરી દે છે.. શું કરવું ?**

**જવાબ :** આને Nocturnal Enuresis કહેવાય છે. Imipramin ની દવા બ્લેડર કન્ટ્રોલ માટે અસરકારક છે. પેશાબ રોકવાની બ્લેડર ટ્રેનીંગ પણ ઉપયોગી નીવડે છે.. 'બેલ એન્ડ પેડ' નામનું સાધન પણ મળે છે. એના પર સુતેલું બાળક જરાક જ પેશાબ થાય એટલે એલાર્મ વાગવાની જાગી જાય અને પેશાબ રોકી શકે છે.. 'ડેસ્મોપ્રેસિન' નામની દવા સ્પ્રે સ્વરૂપે ઉપલબ્ધ છે. રાત્રે સુતી વખતે સ્પ્રે તરીકે વાપરવાની હોય છે. આવા બાળકો વધુ સંવેદનશીલ હોય છે. તેમના આંતરિક સંઘર્ષો દૂર કરવા. તેમને ધમકાવવાની તકલીફ વધી જાય છે. એક દિવસ પેશાબ ન કરે તો તેને મનગમતી ભેટ આપી તેને પ્રોત્સાહિત કરો...

સંકલન....સાભાર : મુકુલ ચોકસી

# જાને કહાં ગયે વો દિન.....???

યાદોનો ખજાનાને ઉલેચવા માટેનો ઉત્તમ સમય છે સાંજ - રાત્રિ. એકલા પડવાનો વૈભવ આપણે ગુમાવી રહ્યા છીએ.. મોબાઇલ સાથે રમતો માણસ એકલો ન ગણાય. કંઇ પણ કર્યા વગર પાંચ મિનિટ બેસી રહેવાનું નક્કી કરીએ તો વિચારોના વૃંદાવનમાં જઇ શકાય.. પણ આંખો બિચારી એવી થઇ ગઇ છે કે મોબાઇલ સ્ક્રીન પર કંઇલ ફલેશ થયું છે કે નહીં એ જોવામાં સમયનો ફલેશબેક ચુકી જવાય છે.. નિરાંતે બેસી જાત સાથે વાત કરવાની તક હવે મોબાઇલે ઝુંટવી લીધી છે..

જગત માટે જેટલો સમય ફાળવીએ છીએ એટલો જ સમય જાત માટે નથી ફાળવતા. મનોમંથન કરવાની ક્ષણો ટી.વી. સીરીયલોના આક્રમણ હેઠળ કચડાઇ ગઇ છે. જેમાંથી કંઇ પ્રાપ્ત નહીં થાય તેવી મિટિંગો જેનાથી સમજ ને કે સમાજને ફાયદો ન થાય એવી વ્યર્થ ચર્ચા સોનેરી સમય છીનવી લે છે. આરામ ખુરશીમાં બેસી એકાંતમાં બેઠા બેઠા વિતેલા સમયને વેલકમ કરવાની મજા લેવા કોઇ લોટરી ખરીદવાની જરૂર નથી. એતો આપણે ઇચ્છીએ ત્યારે લાગી શકે.

યાદમાં માણસને ટકાવી રાખવાની શકિત છે. યાદોના સહારે જિંદગી વીતી શકે છે. એકાદ વાર નદી કે દરિયા કિનારે સાંજે એકલા બેસી જુઓ. લહેરોની સંગાથે તમારી જીંદગીના દ્રશ્યો પણ નેપથ્યમાં ઉપસતા જશે.. સ્કૂલના દિવસો યાદ આવી જાય, જુના ટીચરોની યાદ આવી જાય. ક્રિકેટ - ખોખો - કબ્બડીની રમતો રમતા મિત્રોની યાદ આવી જાય. કરેલા ઝઘડા યાદ આવી જાય ટ્રેનમાં હેન્ડલ પકડીને લટકતા હાથ, એક સમયે વડની વડવાઇયો પર ઝુલતા. કીબોર્ડ અને મોબાઇલ પર એન્ટ્રી કરતી આંગળીઓ એક સમયે પત્ર લખી જાણતી..

નદી કિનારે, ઝાડ નીચે, મમરા-સેવ અને જાતે કાંદા, ટામેટા, ધાણાં, મસાલો ભેળવી બનાવેલી ભેળ સાથે બેસીને મિજબાની માણતી એ ક્ષણો..એ.સી. હોટલોમાં રૂપાળા પીત્ઝામાં નથી મળતી. બધા વચ્ચે થોડી થોડી જવાબદારી વહેંચાય જાય તો જિંદગી કેવી સરસ જીવી શકાય એ શીખ આવી નાની નાની મિજબાનીઓ આપતી જાય છે..

વતન છોડીને જેઓ શહેરમાં વસ્યા છે તેમના માટે યાદો સંવાદ કરવાનું એક માધ્યમ છે. જે ઘરમાં ઉછર્યા હોય એની યાદો, જે માટીમાં રમ્યા હોઇએ એની સુગંધ જીવને તરબતર કરતી રહે છે. દાદા-દાદીની આંગળી પકડીને મંદિરે ગયેલા ત્યારે સમજણ નહોતી પણ શ્રદ્ધા હતી. અને આજે એ આંગળી છુટી ગઇ છે ત્યારે સમજ તો આવી પણ શ્રદ્ધા ગઇ..

મિત્રો - સહેલી સાથે રમેલા સ્ટેચ્યુની રમત કોઇકવાર યાદ કરી જુઓ.. જેને મેળવવાની ઝંખના હતી, પણ મેળવી ન શકયા એ ક્ષણો અને પત્તા, અમદાવાદ(માંચો), કેરમ રમતા રમતા મળેલી આંખોને સમય આંતરીને યોગ્ય સમયે સ્ટ્રાયગર મારવાનું ચુકાઇ ગયું ......

કભી તન્હાઇયોમે...યું... હમારી યા...દ આયેગી...

સંકલન -સાભાર : હિતેન આનંદપુરા

શ્રી અમૃતભાઈ વલ્લભભાઈ પંચોલી દ્વારા શ્રી નવિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી દ્વારા

## અધુરી કહાની......

મૃગેશ અને તેની બહેન ઋત્વા  આજે સવારથી જ આનંદમાં રાચી રહ્યા હતાં. આજે તેમા મમ્મી - પપ્પાની લગ્નજીવનની રજત જયંતિ ઉજવવાની હતી. પપ્પા-મમ્મીને સરપ્રાઇઝ આપવા બધી જ તૈયારી થઇ ગઇ છે...

હોટલ બુકીંગ, પપ્પા-મમ્મીને મનગમતું મેનું, તેમના ખાશ મિત્રો અને સ્નેહી સબંધીઓને રાત્રે 'હોટલ રોયલ ઇન' માં આવવાનું આમંત્રણ અપાય ગયા હતાં. તેમને આપવા માટે ની ભેટ ખાશ ભેટ 'ટાયટન કપલ વોચ' ખરીદાય ગયું હતું.. અને રાહ જાવાય રહી છે કયારે સાંજ પડે ?

સાંજે છ વાગ્યા.. મૃગેશે કહ્યું ઋત્વા પહેલા આપણે કેક લઇ આવીએ. પહેલા હું હોટલ પર પહોંચી જાઉં પછી તું તૈયાર થઇને મમ્મી-પપ્પાને લઇને હોટલ પર આવી જજે. અને મૃગેશ અને ઋત્વા બાઇક લઇ અતુલ બેકરી પર કેક લેવા નીકળ્યા, ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. બંન્ને આનંદની ચરમ સીમા પર રાચી રહ્યાં હતાં.. સુંદર કેક લઇને બંને હોટલ પર જવા નિકળ્યા.

મૃગેશે આનંદના અતિરેકમાં બાઇકની સ્પીડ વધારી, અને રસ્તામાં પાણી ભરેલો ખાડો આવ્યો અને બાળક સ્લીપ થઇ ગઇ.. અને પાછળથી આવતી ટ્રકે જોરદાર હોર્ન વગાડયો. 'બચાવો'ની જોરદાર ચીસ સાથે મૃગેશ અને ઋત્વા નીચે પટકાયા..... અને....

જ્ઞાતિજનો, મહિલામંડળની બહેનો, સ્વયંના યુવાનો તમારી કલમ ઉપાડો અને આ વાર્તાને પુરી કરો...સુંદર શિર્ષક પણ આપો... આપ સૌ ખૂબ જ ઇન્ટેલીજન્ટ છો..અશકય નથી.. ૨૫-૩૦ વાકયોમં બાકીની વાર્તા પુરી કરી તા. ૨૨.૦૯.૧૫ સુધીમાં તંત્રીશ્રીને મોકલી આપો....

તા.ક. : ઓગષ્ટના અંકમાં આપેલ અધુરી કહાનીની મોકલવાની તા. ને એકસટેન્શન આપી ૨૦.૯.૧૫ રાખી છે તો એ વાર્તા પણ મોકલશો અને ઇનામના ભાગીદાર બનશો...

ડો. મહેશ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## હાઇકુ.......

મોબાઇલ અને લેપ ટોપની માયાજાળમાં હાઇકું ખોવાણું... કદાચ નવા જનરેશનને ત હાઇકું શું છે ? એ પણ ખબર ન હશે..

હાયકુ એ લઘુ કાવ્ય નો પ્રકાર છે. ઉર્મિને જગાડીને વાચકના ચિત્ત પર સુદર સંસ્કારની છાપ છોડી જાય છે. ૫-૭-૫ એમ ત્રણ પંકિતમાં કુલ ૧૭ અક્ષર ધરાવતું હાયકુ મુળ જાપાની કાવ્ય પ્રકાર છે. ગુજરાતી ભાષામાં સ્નેહરશ્મિએ આવા ઘણાં હાયકુ લખ્યા હતાં... આવા હાયકુ તો આપણાં જ્ઞાતિજનો પણ લખતાં હતાં... અને નવયુગમાં પ્રકાશિત પણ થયા છે... પરંતુ હવે ભુલી ગયા છે... હાયકુને એકવાર વાંચવાથી આનંદ આવશે નહીં. એને ૩ થી ૪ વાર વાંચી મનન કરો અને એનો આનંદ માણો..તો ચાલો માણીએ હાયકુને......

એન. એ. થયુ
કાગળો પર, ખેતર
લીલુંછમ છે..

એ ફુલ જેવાં
લાગ્યાને પતંગિયુ
થૈ ગયા અમે..

દિવાળી આવી
લોકો શણગારે છે
આખું આકાશ

ખેતર ગણી
એમણે વાવી દીધો
પ્રેમ હૃદયે..

કુત્રિમ ફૂલે
બેઠું પતંગિયુ ને
છોભીલું પડ્યું

માનવજાત
દરિયા જેવી, ખૂબ
ઉછાળા મારે..

લગ્નજીવન
અગ્નિની આજુબાજુ
સતત ફરે છે.

ચાંદ જેવી છે
પ્રિયંકા, પણ હૈયુ
અમાસ જેવું..

રેતી કિનારે
નામ લખ્યું તમારું
ભુંસે દરિયો..

હૈયાની આગ
હોલવવા અમે તો
તેડયાં આસુંને..

સનમ સામે
આ ચાંદો તો અમને
લાગે ડાઘીલો..

દરિયાનું તો
શું ગજુ ? એની આંખો
આખો દરિયો છે..

સાભાર : વિરેન્દ્ર ઘડિયાલી

નવયુગ શુભચિંતક   સ્વ. ભીખુભાઇ ઠાકોરભાઇ મિસ્ત્રી   હ્યારા   સ્વ. મગનભાઇ હરીભાઇ મિસ્ત્રી   હ્યારા

# સંસ્થા સમાચાર......

### શ્રી પંચોલી સેવા સમાજ-વ્યારા

શ્રી પંચોલી જ્ઞાતિસમાજ વ્યારાની વાર્ષિક સામાન્ય સભા તથા ગાયત્રી યજ્ઞ તા. ૧૨.૦૭.૨૦૧૫ને રવિવારે રાખવામાં આવ્યા હતાં. સવારે ૭.૩૦ કલાકથી ગાયત્રી યજ્ઞની શરૂઆત થઇ. આરતી અને પ્રસાદ લીધા બાદ સવારે ૧૧.૦૦ કલાકે સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી.

સામાન્ય સભાની શરૂઆત કરતા પ્રમુખ શ્રી ભરતભાઇએ વર્ષ દરમ્યાન દિવંગત પામેલ આત્માઓને શ્રદ્ધાંજલી આપી. ગત સામાન્ય સભાના ઠરાવોનું વાંચન ઉપપ્રમુખશ્રી નવિનભાઇ વી. પંચોલીએ કર્યુ. જેની સભાએ સર્વાનુમતે બહાલી આપી. સને ૨૦૧૪-૧૫ વર્ષ દરમ્યાન થયેલી ગતિવિધિઓથી સામાન્ય સભાને મંત્રીશ્રી હિતેશભાઇ ગાંધીએ માહિતગાર કર્યા. ૨૦૧૪-૧૫ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો સામાન્ય સભા સમક્ષ રજુ કર્યા જેને ચર્ચા વિચારણાને અંતે સામાન્ય સભાએ મંજુર કર્યા.

પંચોલી સમાજ વ્યારાના ટ્રસ્ટી મંડળના નવા ચાર ટ્રસ્ટીઓની જરૂરીઆત હોય તેની નિમણૂંક માટેની સભા સમક્ષ પ્રમુખશ્રી ભરતભાઇએ રજુઆત કરી. જેમાં ચર્ચા વિચારણાને અંતે નવા ચાર ટ્રસ્ટીઓમાં શ્રી નવિનભાઇ વી. પંચોલી, શ્રી નિતિનભાઇ એમ ગાંધી, શ્રી મનિષભાઇ એમ. પંચોલી, શ્રી ભરતભાઇ સી. પંચોલીની ટ્રસ્ટી મંડળમાં ઉમેરો કરવામાં આવ્યો. સામાન્ય સભામાં મેડીકલ સહાય માટે રાહત ભાવે દવા સમાજના લોકોને ઉપલબ્ધ થાય તેના પ્રયત્નો ચાલુ છે. મહિલા બચત યોજનાની સમાપ્તિ બાદ જ્ઞાતિજનો વધુ બચત કરવા પ્રેરાય તે માટે ભરતભાઇએ બચત મંડળી બનાવી શકાય તેની રજુઆત કરી. સભાની સમાપ્તિમાં પ્રીતિ ભોજન લઇ છુટા પડયા.

### શ્રી પંચોલી સમાજ-સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડા સમાજની વાડીના જીર્ણોદ્ધાર માટે નીચે મુજબ દાન મળ્યું છે...

| | |
|---|---|
| ૫૦૦૧ | ચિરાગભાઇ ઠાકોરભાઇ પંચોલી |
| ૫૦૦૧ | કેતુલકુમાર ઠાકોરભાઇ પંચોલી |
| ૧૧,૧૧૧ | તડવી બાબરભાઇ અંબાલાલ-માજી ધારાસભ્યશ્રી |
| ૧૧,૧૧૧ | વંદનકુમાર વિશાલભાઇ પટેલ-હાંદોડ<br>હસ્તે કલ્પનાબેન રજનીકાંતભાઇ |
| ૧૧,૧૧૧ | શાહ નિતિનકુમાર કંચનલાલ-માજી સરપંચશ્રી સંખેડા |
| ૧૧,૧૧૧ | દેસાઇ સંજયકુમાર ચંદ્રવદનભાઇ |

### શ્રી પંચોલી સેવા સમાજ-પાવી જેતપુર

તા. ૧૯.૦૮.૨૦૧૫ને બુધવારના રોજ પાવી જેતપુર એકમની મિટિંગ સભ્યશ્રી હરીવદનભાઇ (બાલુભાઇ લલ્લુભાઇ) પંચોલીને ત્યાં રાત્રે ૯.૦૦ કલાકે એકમના પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાન હેઠળ ભરવામાં આવી.

એકમના સભ્યો હાજર રહેવાથી સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. શ્રાવણમાસ નિમિત્તે ગૂરૂ બ્રહ્માના શ્લોક અને શિવધૂન થી કરવામાં આવી. આજરોજની મિટિંગમાં તા. ૯.૭.૨૦૧૫ના રોજ ભરાયેલ મિટિંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું જેને આજની સભાએ સર્વાનુમતે ગ્રાહ્ય રાખી બહાલી આપે છે.

ગત સભાબાદ પંચોલી એકમના બાકી રહેલ સભ્યો શ્રી દ્વારા એકમ ફાળો તથા નવયુગ ફાળો આવેલ તેને પ્રમુખશ્રી દ્વારા સહર્ષ સ્વીકાર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| નારણદાસ ગોરધનદાસ પંચોલી | ૧૦૦ | ૫૦ |
| હરકીશનદાસ ગોરધનદાસ પંચોલી | ૧૦૦ | ૫૦ |
| કાંતિલાલ મોહનલાલ પંચોલી | ૧૦૦ | ૫૦ |

ઉપરોકત આવેલ આવક બાદ થયેલ આવક જાવકને આજની સભામાં વંચાણે લીધી. જેને આજની સભા સર્વાનુમતે ગ્રાહ્ય રાખી બહાલી આપે છે.. પંચોલી મહામંડળની કારોબારીની મિટિંગ વડોદરા મુકામે ભરાયેલ હતી જેમાં એકમના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી તથા સહમંત્રીશ્રીએ હાજરી આપી હતી. જેમાં યુવાનોને એકમમાં સક્રિય થવા માટે થયેલ સુચન અન્વયે આજની સભામાં રજુઆત કરતાં આજની સભામાં તમામ સભ્યો દ્વારા પાવી જેતપુર એકમની નીચે પ્રમાણેની રચના કરવામાં આવી.

પંચોલી ગણપતભાઇ ભટાભાઇ-પ્રમુખ
પંચોલી નિમેશકુમાર શંકરલાલ-મંત્રી
પંચોલી ભૂપેન્દ્રકુમાર હરીવદનભાઇ-ઉપપ્રમુખ
પંચોલી કનુભાઇ હિંમતલાલ - સહમંત્રી
પંચોલી નટવરલાલ ગોરધનદાસ - કા.સભ્ય
પંચોલી હિંમતલાલ મોહનલાલ
પંચોલી હરીવદનભાઇ લલ્લુભાઇ
પંચોલી હરીકૃષ્ણ ગોરધનદાસ
પંચોલી કાંતિલાલ મોહનલાલ
પંચોલી ગોપાળભાઇ ભટાભાઇ
પંચોલી શંકરલાલ અંબાલાલ
પંચોલી ગજેન્દ્રભાઇ પરસોત્તમદાસ
પંચોલી શંકરલાલ ચીમનલાલ

નવયુગ શુભચિંતક શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા શીવા ડાઈનીંગ સર્વિસ વ્યારા

પંચોલી અરવિંદભાઇ પરસોત્તમદાસ
પંચોલી બિપીનચંદ્ર નટવરલાલ
પંચોલી વિઠ્ઠલભાઇ મંગુભાઇ
પંચોલી નારણદાસ ગોરધનદાસ

પંચોલી નવયુગ માટે ઓગસ્ટ ૨૦૧૫ના અંકમાં આગામી દિપોત્સવી અંકમાં સૂચન અન્વયે આજરોજ ચર્ચા કરતાં જ્ઞાતિજનોએ જાહેરાત નોંધાવી છે.

બાકી રહેલ જ્ઞાતિજનોને જાહેરાત આપવા માટે આજની મિટિંગમાં પ્રમુખશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમજ સ્વર્ણિમ ફંડ તેમજ સમાજ સરક્ષા હેઠળ બાકી રહેલ સભ્યોને જોડાવા માટે આજની સભામાં વિનંતી કરવામાં આવે છે. અંતમાં એકમના સભ્યશ્રી પંચોલી ભૂપેન્દ્રકુમાર હરીવદનભાઇ દ્વારા તમામ સભ્યોશ્રીને ફરાળી વેફર અને શરબતનો અલ્પાહાર કરાવવામાં આવ્યો... પ્રમુખશ્રીએ ભૂપેન્દ્રભાઇનો આભાર માની આજની સભા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી.

## શ્રી પંચોલી સમાજ-વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરાના વિદ્યાર્થીઓ ૨૦૧૫ના વર્ષની માર્કસીટ તા. ૩૦.૯.૨૦૧૫ પહેલા પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ શૈક્ષણિક કન્વીનર શ્રી નરેશભાઇ પંચોલી (મો. ૯૬૦૧૫ ૨૨૨૯૫) ને મોકલી આપવા વિનંતી.

જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓ શૈક્ષણિક સહાય માટેની અરજી તેમજ વિધવા સહાય અને મેડીકલ સહાય માટેની અરજી તા. ૩૦.૦૯.૧૫ સુધીમાં પ્રમુખ, મંત્રીને મોકલી આપવા વિનંતી છે.

વડોદરા સમાજનો વાર્ષિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક પોગ્રામ ની સંભવિત તા. ૨૯.૧૧.૨૦૧૫ રાખી છે. પોગ્રામ વિગેરેની વિગત દરેક સભ્યને ટપાલથી/વોટસઅપ થી જણાવવામાં આવશે.

૨૬.૦૭.૧૫ના રોજ મળેલ મહામંડળની મિટિંગ પ્રસંગે આવેલ પ્રાસંગિક દાનની યાદી

૧૦૦ શ્રી ચેતનભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી
૨૦૧ શ્રી પંચોલી સેવા મંડળ, રાજપીપલા
૫૦૦ શ્રી મયુર ગોપાલભાઇ પંચોલી-આજીવન સભ્ય ફી
૨૫૦ શ્રી પંચોલી સમાજ સંખેડા
૧૦૧ શ્રી અજરાઇ પંચોલી પંચ
૨૦૧ સ્વ. મિનાક્ષીના સ્મણાર્થે હ. રવિન્દ્રભાઇ-ડો. પદમાબેન
૨૦૦ શ્રી પંચોલી સમાજ ચાંદોદ
૧૦૦ શ્રી પંચોલી સેવા સમાજ-ભાટપુર હ. જગદીશભાઇ
૧૦૦ ચિ. મનન પુષ્પકાંતભાઇ પંચોલી-બારડોલી
૨૦૦ શ્રી પંચોલી મહિલા મંડળ સંખેડા
૨૫૧ શ્રી સનતભાઇ રામુભાઇ પંચોલી-વ્યારા
૨૦૦ શ્રી પંચોલી સેવા સમાજ-પાવી જેતપુર
૨૫૧ શ્રી પનસલાલ મફતલાલ પંચોલી-વડોદરા
૨૦૦ શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી-જબુગામ
૨૫૧ શ્રી સૌરભ પ્રવિણભાઇ પંચોલી
૨૫૧ શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારા
૫૦૦ શ્રી બી. આર. પંચોલી-વડોદરા
૨૦૦ શ્રી કમલેશ રસિકલાલ પંચોલી-બોડેલી
૨૫૦ શ્રી પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર
૫૦૦ શ્રીમતિ ગીતાબેન જયેશભાઇ ગાંધી
૫૦૧ શ્રી પંચોલી જ્ઞાતિ પંચ નવસારી
૨૦૦ શ્રી નિશિકાંત ભગવાનદાસ પંચોલી
૫૦૦ શ્રી પંચોલી સમાજ વ્યારા
૧૦૦૦ શ્રી સમસ્ત પંચોલી જ્ઞાતિ પંચ સુરત
૨૦૦ શ્રી મુકેશભાઇ અંબાલાલ પંચોલી-બોડેલી
૨૧૧ શ્રી જય મુકેશભાઇ પંચોલી-મુંબઇ
૧૦૦ શ્રી નિલેશ રમેશચંદ્ર પંચોલી-ભીલાડ
૨૫૦ શ્રી ભરતભાઇ જી. પંચોલી-વડોદરા

સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર..

## શ્રી પંચોલી સમાજ-સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડાને વાડીના જીર્ણોદ્ધાર માટે રૂા. ૩,૫૦૧/- નસવાડી નિવાસી સ્વ. ચંપકલાલ છોટાલાલ પંચોલીના સ્મરણાર્થે હસ્તે. વિશાલભાઇ.

રૂા. ૧૧,૦૦૦/- ઠાકોરભાઇ નટવરલાલ પંચોલી તરફથી અનામત રકમ પેટે મળ્યા... દાતાઓનો આભાર....

## યુવા મંચ આવિષ્કાર ગૃપ - મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ સંચાલિત યુવા મંચ આવિષ્કાર ગૃપ દ્વારા તા. ૯.૮.૨૦૧૫ના રોજ નંદનવન રિસોર્ટ આતે મોનસુન પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે વહેલી સવારે ૬.૩૦ કલાકે ગોળદેવળથી બાબા ભોલેનાથના દર્શન કરી ગણપતિબાપાને યાદ કરી ૮ સભ્યોને લઇ પ્રવાસનો શુભારંભ કર્યો. ત્યારબાદ શાંતાક્રુઝ, અંધેરી, બોરીવલી તેમજ મીરારોડથી સભ્યોને લઇ અંતાક્ષરી રમતા રમતા સવારે ૯.૩૦ કલાકે રિસોર્ટ પર પહોંચ્યા. આહ્લાદક વાતાવરણ

નવયુગ શુભચિંતક શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી નવસારી શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી બિલીમોરા

માં પ્રવેશ લઇ વેજ-નોનવેજ નાસ્તાને ન્યાય આપ્યો.

સૌએ ભેગા મળી પાણીની મઝા માણવા સ્વીમીંગ પુલમાં પડયા. વિવિધ રાઇડસનો આનંદ માણ્યો અને રેઇન ડાન્સનો પણ આનંદ લુટયો. બપોરે એક કલાકે પ્રથમ મનચાંઉ સૂપ ત્યારબાદ ગરમાગરમ વેજ-નોનવેજ ભોજનનો સ્વાદ માણ્યો. હોટલના વ્યુ પોઇન્ટ પરથી આજુબાજુની ગ્રીનરી મન ભરીને માણી. ત્યારબાદ ફરી પાણી, રાઇડસ અને રેઇન ડાંસની મઝા માણી.. સાંજે ૪.૩૦ કલાકે ચ્હા-કોફી અને બિસ્કીટને ન્યાય આપ્યો. ગાર્ડનમાં જઇ નાના મોટા સૌએ હિંચકા વિગેરેની મઝા માણી.. પ.૩૦ કલાકે રિસોર્ટની યાદો વાગોળતા બસ તરફ પ્રયાણ કર્યુ. આવિષ્કાર ગ્રુપના ઉપપ્રમુખ શ્રી વિશાલ કમલ કાપડિયાએ પિકનીકમાં આવનાર સૌનો તથા બસનું આયોજન કરવા બદલ શ્રી મુકેશભાઇ પરમાનંદ પંચોલીનો આભાર વ્યકત કર્યો આ પિકનિકમાં નાના બાળકોથી લઇ મોટા સાથે કુલ ૨૫ સભ્યોએ ભાગ લીધો હતો...

## સ્વર યુથ – વ્યારા



શ્રી પંચોલી સમાજ વ્યારા રચિત સ્વર યુથ ગ્રુપ દ્વારા અધિકમાસ નિમિત્તે 'ગોવાળદેવ' મુકામે વન ડે ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપના મોટી સંખ્યામાં સભ્યોએ હાજર રહી પ્રકૃતિની મઝા માણી હતી. સૌ સભ્યોએ સાથે મળી સ્વયં રસોઇનું આયોજન કર્યુ. જેમાં ખીચડી, કચુંબર અને છાસની સંગત સાથે વનભોજનનો લાભ લીધો..હતો. એક નાનકડી મિટિંગનું આયોજન કરી આગામી કાર્યક્રમ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અંતે સૌ પરત ફર્યા...

શ્રી પંચોલી સમાજ વ્યારા રચિત સ્વર યુથ ગ્રુપ દ્વારા અલુણા વ્રત તથા ફ્રેન્ડશીપ ડે નિમિત્તે કેટવોક સ્પર્ધાનું સમાજના બાળકો માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ થી ૧પ વર્ષ સુધીના બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ પંચોલી, મહામંત્રી શ્રી રાજેશભાઇ પંચોલી, પંચોલી સમાજ વ્યારાના પ્રમુખ શ્રી ભરતભાઇ પંચોલી અને એમની ટીમ, મહામંડળ મહિલા




સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન, પ્રગતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ બેલાબેન અને તેમની ટીમે હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.. આમંત્રિત મહાનુભાવોનું સ્વય યુથના પ્રમુખ અંકિતભાઇ, ઉપપ્રમુખ રીનલબેન, મંત્રી જેનિશભાઇ અને ગ્રુપના સભ્યોએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. સમાજના તથા ગ્રુપના સભ્યો ઘણી સંખ્યામાં હાજર રહ્યા હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુ. અવનીબેન શાહે સેવા આપી હતી. સ્પર્ધાના ઇનામના સ્પોન્સર શ્રી કુલીનભાઇ પંચોલી હતાં. ભાગ લેનાર દરેક બાળકોને આશ્વાસન ઇનામો શ્રી પંચોલી સમાજ વ્યારા તરફથી તથા સ્વ. પન્નાબેન રમેશચંદ્ર મિસ્ત્રીના સ્મરણાર્થે દરેક બાળકોને રૂા. પ૧/- આપી પ્રોત્સાહિત કર્યા હતાં. ઉપપ્રમુખ શ્રીમતિ રિનલબેને આજના પ્રસંગે રૂા. ૧પ૧ ભેટ આપી હતી.

સ્પર્ધા બે વિભાગમાં રાખવામાં આવી હતી. (૧) 'અ' વિભાગ અને (૨) 'બ' જેમાં અ વિભાગમાં હિમાની નિલેશભાઇ ગાંધી, માર્ગી ભદ્રેશભાઇ પંચોલી, યુગ આશિષ પંચોલી અને શુભ કૃણાલ પંચોલી તથા બ વિભાગમા હેત્વી નરેશભાઇ પંચોલી અને વૃંદા સનતકુમાર પંચોલીએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે સ્વરયુથના તમામ સભ્યો પોતાની સાથે લાવેલ ગીફ્ટોને ગેમ દ્વારા એકસચેજ કરી ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો હતો. દિવ્યેશભાઇના આભારવિધિ બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.



# સંસ્થા સમાચાર......

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૮.૮.૨૦૧૫ના રોજ પ્રિતવંતીબેન ગજેન્દ્રભાઇ પંચોલીના નિવાસ સ્થાને મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી. જેમાં ૨૨ બહેનોએ હાજરી આપી હતી.

સમૂહમાં પ્રાર્થના બાદ ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. ફરતી લાયબ્રેરીમાં બુકોની અદલાબદલી કરી. નવયુગના મુખ્ય પોઇંટનું વાંચન કર્યુ. આંતર જ્ઞાતિય લગ્ન થયેલ દીકરીઓને આવકારવી કે નહી ? એ બાબતમાં ચર્ચા કરવામાં આવી. ત્યારે બધી બહેનો નો એક સૂર હતો દીકરા દીકરીને સમાન હકક મળવો જોઇએ... આ માસમાં આવતી સભ્ય બહેનોની બર્થડે અને એનીવર્સરીની શુભેચ્છાઓ આપવામાં આવી.

વન મિનિટ ગેમ રમ્યા. જેના વિજેતા પ્રિતવંતીબેન પંચોલી-પ્રથમ અને જાગૃતિબેન પંચોલી બીજા વિજેતા થયા. ત્યારબાદ તા. ૮મી ઓગષ્ટ શહિદ દીન હોવાથી દેશભકિતના ગીતો ગાઇ શહિદોને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પી... આગામી મિટીંગ તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ જયશ્રીબેન પરેશભાઇ પંચોલી-મોદીનગરના નિવાસ સ્થાને રાખવાનું નકકી કરવામાં આવ્યું.

તા. ૧૦ ઓગષ્ટના રોજ અનુરાધાબેનના નિવાસ સ્થાને સ્વામિનારાયણ ની સત્સંગ સભા રાખી હતી જેમાં જ્ઞાતિજનોના ભાઇ - બહેનો હાજર રહ્યા હતાં. જેમાં અનુરાધાબેને વ્યસન મુકિત અંગેના ગેરફાયદાઓ જણાવ્યા હતાં. અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-સુરત

તા. ૧૫.૮.૨૦૧૫ના રોજ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી હતી જેમાં ૨૫ બહેનો હાજર રહી હતી.

શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સાથે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું વંદેમાતરમ્... ભારતમાતની જય બોલાવી હતી. આજરોજ આ મિટિંગ આપણે મંડળના પ્રોજેકટ રૂપે રાષ્ટ્રીય ગીતો હરીફાઇ રૂપે નહીં પણ બધાએ સાથે મળી અલગ અલગ ગીતો ગાયા હતાં. ઓગસ્ટ માસમાં જે બહેનોની બર્થડે આવતી હતી તેમને મંડળ તરફથી સાડી કવર ભેટ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

સપ્ટેમ્બર માસમાં આપણાં સમાજના સુરતમાં રહેતા સીનીયર સીટીજનને ભેગા કરવા અને બધાને આનંદ પ્રમોદ કરાવવા માટે પૂર્ણિમાબેન કમલેશભાઇએ વાતો કરી તેમના ઘરે તા. ૧૯.૯.૨૦૧૫ના રોજ મિટિંગરૂપે રાખવાનું નકકી કર્યુ. ભારતીબેન તરફથી સેવ ખમણી અને કોલ્ડકોકોના અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

૫૦૧ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી-બર્થડે નિમિત્તે.
૨૦૧ શાંતાબેન તરફથી હેતાની બર્થડે નિમિત્તે
૨૦૧ મંજુબા તરફથી હેતાની બર્થડે નિમિત્તે.
૧૫૧ કપિતાબેન ચેતનભાઇ પંચોલી બર્થડે નિમિત્તે.
૧૦૧ ત્રીવેણીબેન ઇન્દ્રવદનભાઇ પંચોલી બર્થડે નિમિત્તે.
૧૦૧ મનિષાબેન ધર્મેન્દ્રભાઇ પંચોલી-નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે

## પંચોલી ભગીની સમાજ -રાજપીપલા

તા. ૫.૮.૨૦૧૫ના રોજ સ્મૃતિબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને પંચોલી ભગીની સમાજની મિટિંગ તથા મેડીકલ ચેકઅપ રાખવામાં આવ્યુ હતુ. વેકલમ ડ્રીકસથી સર્વેનું સ્વાગત કરવામાં આવ્યુ. ગાયત્રી મંત્રની સ્તુતિથી શરૂઆત કરવામાં આવી. ડો. મધુકરભાઇ દેશાઇ દ્વારા બ્લડ પ્રેસર અને ડાયાબીટીશ ચેક કરવામાં આવ્યા જેમાં ૩૧ બહેનોએ લાભ લીધો. ગત મિટિંગનું વાંચન કરવામાં આવ્યું. લકી ડ્રો પણ કર્યો તેમાં રેખાબેન આર. પંચોલી લકી બન્યા. હાઉસી પણ રમ્યા તેમાં રેખાબેન આર. પંચોલી વિજેતા થયા. વનમિનિટની રમત રમ્યા તેમાં નયનાબેન એન. પંચોલી વિજેતા થયા.

૭૫ વર્ષના સમાજના વડિલ શ્રી મંજુબેન ડાહ્યાભાઇ પંચોલીનું સન્માન કરવામાં આવ્યું. તેઓ તરફથી રૂા. ૧૫૧/- ભેટ મળ્યા.

આગામી મિટિંગનું આયોજન ૩.૯.૧૫ને ગુરૂવારે શ્રી ચંપાબેન પંચોલીને ત્યાં રાખવામાં આવેલ છે. સ્વાદિષ્ટ અલ્પાહારને ન્યાય આપી સ્મૃતિબેનનો આભાર માની છુટા પડયા.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૯.૮.૨૦૧૫ના રોજ સપનાબેનને ત્યાં મળ્યા. શ્રાવણ માસ એટલે શિવજીનો મહિનો.. આથી શિવજીના ભજનથી શુભ શરૂઆત કરી. કુટસલાડથી બહેનોનું સ્વાગત કર્યુ. લકીમાં

નવયુગ શુભચિંતક શ્રી નરેન્દ્રભાઇ નારણદાસ પંચોલી રાજપીપળા સ્વ. યોગેશભાઇ બાબુભાઇ પંચોલી રાજપીપળા

પ્રજ્ઞાબેન તથા પ્રીતિબેન લકી બન્યા. સદ્ગત આત્માને શ્રદ્ધાંજલી અર્પણ કરી. શીલાબેને ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યું. દિવાળી નજદીક આવતી હોવાથી દિપોત્સવી અંકની જાહેરાત માટે ટહેલ નાંખી કે નવયુગનું ઋણ ચુકવવાની સુંદર તક મળી છે તે ઝડપી લો...

સપનાબેને ગત નવયુગમાં આપવામાં આવેલ સમાજ સરક્ષા, સ્વર્ણિમ ફંડ, તબીબી તથા શૈક્ષણિક સહાયના ફોર્મ આવ્યા હોય માંગ્યા મુજબ સંપૂર્ણ માહિતી ભરી જરૂરીઆત મંદ આનો લાભ લે એમ જણાવ્યું હતું.

અમદાવાદથી પધારેલ રીટા પંચોલી તથા મેઘા શાહ W.H.O. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન સંદર્ભમાં એક કલાકનો સેમીનાર આપ્યો. જેમાં લેડીસે શું કાળજી લેવી, દૂધ, કઠોળ, લીલાશાકભાજી તથા સલાડનો દરરોજ ભરપૂર ઉપયોગ કરવો. દરેક સ્ત્રીને તેના ઘર, વર, છોકરા અને પરિવારના નાનામાં નાની વસ્તુઓનો ખ્યાલ રાખતી હોય છે. દિવસમાં બે કલાક પોતાના માટે ફાળવવા જણાવ્યું હતું જેમાં કસરત, બાહ્ય કાળજી તથા પ્રાર્થના માટે ફાળવે એવું ભાર પૂર્વક જણાવ્યું. જ્યોતિબેન એસ. સુરેખાબેન તથા શીલાબેને તેઓને સ્મૃતિભેટ આપી સન્માન કર્યું. સપનાબેને બે ગેમ રમાડી જેમાં સુરેખાબેન-પ્રથમ અને નિકુંજબેન દ્વિતીય આવ્યા તથા બીજી ગેમમાં પ્રથમ લીનાબેન તથા દ્વિતીય જ્યોતિબેન એસ. વિજેતા રહ્યા સપનાબેન તથા શીખાએ આકર્ષક ગીફટ આપી નવાજ્યા. શ્રાવણમાસ નિમિતે ધાર્મિક વાતો અને ધાર્મિક પુસ્તકોની આપલે કરી હવે પછીની મિટિંગ નીશાબેન કે. ને ત્યાં રાખવાનું નકકી કર્યું. પ્રોજેક્ટ વોટસએપ પર જાણ કરવામાં આવશે. અશ્વિનભાઇ એસ. પંચોલી તરફથી તેજસ્વીની મહિલા મંડળને બેનર નિમિત્તે ૧૨૫/- અને નિકુંજબેનની બર્થ ડે નિમિત્તે રૂા. ૧૦૦/- ભેટ મળ્યા. હાઉસી રમ્યા. ફરીથી મળવા સાથે નીશાબેન કે એ સપનાબેનના ફેમીલી તથા સુંદર મિટિંગનું આયોજન કરવા બદલ આભાર માની સુરૂચી ભોજનને ન્યાય આપી છુટા પડા.

## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૨૫૧/- બીલીમોરા નિવાસી શ્રી દિપકભાઇ મ. જ્યો.ભાષ્કર તરફથી પૌત્ર ધૈવતની તબલાવાદની વિશિષ્ટ સિદ્ધિ માટે..

રૂા. ૧૦૦/- અંકલેશ્વર શ્રીમતિ દક્ષાબેન તથા શ્રી દિનેશભાઇ મોહનભાઇ મિસ્ત્રી તરફથી પૌત્રી ના જન્મ નિમિત્તે....

રૂા. ૧૦૦/- અંકલેશ્વર શ્રીમતિ દક્ષાબેન તથા શ્રી દિનેશભાઇ મોહનભાઇ મિસ્ત્રી તરફથી દોહીત્રી ચિ. ધ્યાનીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૫૦૧/- સોનગઢ નિવાસી શ્રી હરીશભાઇ મોહનભાઇ પંચોલી યુ.એસ.એ કાયમી વસવાટ માટે ગયા તે નિમિત્તે....

## અનુકરણિય

રૂા. ૧૫૨૫/- લેસ્ટર નિવાસી ઉર્મિલાબેન કેશવલાલ મિસ્ત્રી તરફથી નવયુગને શુભેચ્છા ભેટ મળ્યા....

દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર...

## એક મિનિટ

એક માણસ સમક્ષ એક રાતે ઇશ્વર પ્રગટ થયા. એ માણસે ઇશ્વરે ઘરનાં આંગણામાં પડેલો એક ભારેખમ પથ્થરને જ્યારે શકય બને ત્યારે ધકકા મારવાની આજ્ઞા કરી. આ આજ્ઞાનું પાલન કરતાં એ માણસ રોજ આ કામ કરવા લાગ્યો. ઘણાં વર્ષો સુધી આ કામ કલાકોના કલાકો મહેનત કરતો. આમ છતાં પથ્થર એક તસુભાર પણ હટયો ન હતો ધીરે ધીરે એ હતાશ થતો જતો હતો. એવામાં એક સલાહકારના રૂપમાં આવીને શેતાન કહે ‘આમ ખોટી મહેનત શું કરે છે ? પથ્થર સહેજે ખસતો નથી તો એ કામ પડતું મૂક હવે ને સમય વેડફવાનું બંધ કર..

જો કે પેલો માણસ શ્રદ્ધાળુ હતો. એટલે કામ બંધ કરવાને બદલે પ્રાર્થના કરી. હે ઇશ્વર, હું લાંબા અરસાથી તારી આજ્ઞા અનુસાર મહેનત કરું છું. પણ પથ્થર તો સહેજે ખસ્યો નથી. મારા પ્રયાસમાં કયાં ખોટ રહી ગઇ ? હું શા માટે નિષ્ફળ રહ્યો છે ? ઇશ્વર કહે ‘ કોણે કહ્યું તું નિષ્ફળ છે ? તારું કામ તો પ્રયાસ કરતા રહેવાનું છે. પથ્થર ભલે ન ખસ્યો હોય, પરંતુ તું તારી જાત તરફ જો. આટલા લાંબા સમયની મહેનત ને કારણે તારા હાથ અને બાવડાં મજબૂત ને બળવાન થઇ ગયા છે. તારી કમર સશકત થઇ ગઇ છે ને તારામાં ભરપૂર તાકાતનો સંચાર થયો છે. રહી વાત પથ્થરની ખસવાની, સમય આવે તારા પ્રયાસોને કારણે એ પણ થઇ રહેશે.

પેલા માણસે ઇશ્વરના આશીર્વાદ સાથે ફરી કામ શરૂ કર્યું.

આ પ્રસંગમાંથી બે વાત સમજવા મળી :

પરિણામ ન મળે ત્યાં સુધી શ્રદ્ધા-સભર પ્રાર્થના સાથે પ્રયાસો પડતા ન મુકો.

કોઇવાર કોઇ લક્ષ્યનું ધાર્યુ પરિણામ ન પણ મળે, પરંતુ કરેલા પ્રયાસોથી મળેલો અનુભવ તો કામ લાગવાનો જ છે...

નવયુગ શુભચિંતક શ્રી અગમશરણ ધીરજલાલ પંચોલી રાજપીપળા શ્રી બચુભાઇ નરોત્તમદાસ પંચોલી બહાદરપુર

## દેવના દિધેલ



અંકલેશ્વર નિવાસી મલયકુમાર દિનેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્નનો જન્મ તા. ૨૮.૮.૨૦૧૫ના રોજ થયો.

માતા : ભાવનાબેન



સુરત(હાલ અમેરીકા) નિવાસી પ્રતિશકુમાર જગદીશભાઇ પચ્ચીગરને ત્યાં પુત્રીરત્ન ‘ક્રિષ્ટી’નો જન્મ તા. ૧૭.૦૬.૨૦૧૫ના રોજ થયો.

માતા : ખુશ્બુબેન

## હેપી બર્થડે....



ચિ. ધ્યાની સ્વપ્નીલકુમાર પંચોલી
સુરત
જન્મ તા. ૪.૯.૨૦૧૪
પ્રથમ વર્ષગાંઠ



ચિ. તાનિયા જેનિશકુમાર પંચોલી
વ્યારા
જન્મ તા. ૩.૮.૨૦૧૪
પ્રથમ વર્ષગાંઠ



ચિ. વંશ કેતુલકુમાર પંચોલી
વડોદરા(સંખેડા)
જન્મ તા. ૨.૯.૨૦૧૦

### રક્ષાબંધન ફોટોગ્રાફ

ભાઇ-બહેનનો રક્ષાબંધનનો ફોટો મોકલશો..પંચોલી નવયુગમાં પ્રકાશિત કરીશું....હા... પણ વીરપસલીના રૂા. ૨૫૦ મોકલવાનું ભુલશો નહીં....

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar - 393 002.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal. Printed at** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch. **Published** at : D-302, Subham Residency, Nr. Taluka Seva Sadan, B/h. Rajkamal Arcade, GIDC, Ankleshwar-2. **Ph. :** 02646 - 221852
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. :** 98241 71930, 98240 64282, **Email : pancholi_navyug@yahoo.com**